પુસ્તક-૯

# શ્રી શત્રુંજય માહાત્મ્ય


## મુનિ શ્રી નરવાહનવિજયજી


## પ્રથમ સર્ગ


પ્રથમ આવૃત્તિ -૧૯૯૫

બીજી આવૃત્તિ -૨૦૦૩

વીર સં-૨૫૩૦ સંવત-૨૦૬૦

સને-૨૦૦૩ માગશર સુદ ૧૧

(મૌન એકાદશી)

કિંમત

**રૂા ૧૦.૦૦**



સર્વહક્ક પ્રકાશકને સ્વાધિન



ટાઈપ સેટીંગ

**દિવ્યેશ શાહ**

મુદ્રક

**નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ** ઘીકાંટા રોડ

અમદાવાદ-૩૮૦૦૦૧

ટે.ન. -૫૫૦૮૬૩૧ - ૫૫૦૯૦૮૩

# શ્રી શત્રુંજય માહાત્મ્ય

## પ્રથમ સર્ગ

**नमो विश्वनाथाय, विश्वस्थितिविधायिने !**
**अर्हतेऽव्यक्तरुपाय, युगादीशाय योगिने ॥१॥**

વિશ્વનાપતિ, વિશ્વની મર્યાદા કરનારા અવ્યક્ત સ્વરૂપી, યોગી અને યુગાદીશ એવા અર્હંત પ્રભુ (ઋષભદેવ)ને નમસ્કાર હો. અર્હંતપણાની અને ચક્રવર્તીપણાની લક્ષ્મીના સ્વામી, સુવર્ણના જેવી કાંતિવાળા, સ્તુતિ કરવા યોગ્ય અને કલ્યાણોની શ્રેણી કરનાર ''શ્રી શાંતિનાથ'' ભગવાન સત્કૃત્યના લાભને અર્થે થાઓ. કોડામાત્રમાં વાસુદેવ (કૃષ્ણ)ને હીંચકાવનારા, જરાસંઘના પ્રતાપને હરનારા, અને કામદેવનો નાશ કરનારા, ''શ્રી નેમિ'' ભગવાન તમોને પવિત્ર કરો. જેની દ્રષ્ટિરૂપ અમૃતવૃષ્ટિથી સર્પ પણ સર્પોનો પતિ (ધરણેંદ્ર-નાગકુમાર નામની ભુવનપતિ નિકાયનો ઇન્દ્ર) થઇ, ત્રિવિધ તાપથી (મન, વચન અને કાયાસંબંધી) મુક્ત થયો, એવા ''શ્રી પાર્શ્વનાથ'' ભગવાન તમોને હર્ષને માટે થાઓ. ઇંદ્રનો સંશય ટાળવાને માટે જેણે મેરૂ પર્વતને કંપાયમાન કર્યો, એવા શૂરવીર-દાનવીર અને ધર્મવીર ''શ્રી મહાવીર સ્વામી'' તમારા કલ્યાણને અર્થે હો. કલ્યાણ લક્ષ્મીના કમળરૂપ, મોક્ષલક્ષ્મીના છત્રરૂપ અને પુંડરીક-શત્રુંજય ગિરિના મુગુટરૂપ ''શ્રી પુંડરીક'' ગણધરને હું નમસ્કાર કરૂં છું. શ્રી આદીશ્વર પ્રમુખ તીર્થંકરોનું, પુંડરીક પ્રમુખ મુનિઓનું અને શાસનદેવીનું ધ્યાન કરીને હું સચ્ચરિત્રનો ઉધમ કરૂં છું.

પૂર્વે શ્રીયુગાદિ પ્રભુના આદેશથી પુંડરીક ગણધરે વિશ્વના હિતને માટે, દેવતાઓએ પૂજેલું, સર્વ તત્ત્વસહિત અને અનેક આશ્ચર્યયુક્ત એવું શેત્રુંજયનું માહાત્મ્ય સવાલક્ષ શ્લોકના પ્રમાણવાળું કરેલું હતું. તે પછી મહાવીરસ્વામીના આદેશથી સુધર્માગણધરે મનુષ્યોને ટુંકા આયુષ્યવાળા જાણીને તેમાંથી સંક્ષેપે કરી ચોવીશ હજાર શ્લોકના પ્રમાણવાળું કર્યું. તે પછી શત્રુંજયનો ઉદ્ધાર કરનાર અને અઢાર રાજાઓના નિયંતા સૌરાષ્ટ્રપતિ મહારાજા ''શિલાદિત્ય'' ના આગ્રહથી સ્યાદ્વાદના વાદથી બૌદ્ધ લોકોના મદને ગળિત કરનાર સર્વાંગયોગમાં નિપુણ, ભોગનો વિસ્તાર છતાં તેમાં નિઃસ્પૃહ, નાના પ્રકારની લબ્ધિવાળા, રાજગચ્છના મંડનરૂપ, સચ્ચારિત્રથી પવિત્ર અંગવાળા, વૈરાગ્ય રસના સાગર અને સર્વ વિદ્યામાં પ્રવીણ એવા મહાત્મા શ્રી ધનેશ્વરસૂરીએ તેમાંથી સાર લઇ તેના પ્રતિધ્વનિરૂપ સુખે બોધ કરનારૂં આ શ્રી શત્રુંજયનું માહાત્મ્ય વલ્લભીપુરમાં કરેલું છે. હે ભવ્યજનો ! તેનું ભક્તિથી શ્રવણ કરો.

હે ભવ્યો ! તપ, જપ, દાન અને સત્ફળોનું શું કામ છે ! એકવાર શ્રી શત્રુંજયગિરિનું માહાત્મ્ય શ્રવણ કરો. ધર્મ પામવાની ઇચ્છાથી તમે સર્વ દિશાઓમાં શા માટે ભટક્યા કરો છો ? એકવાર જઇને શ્રી પુંડરીકગિરિની છાયાનો પણ સ્પર્શ કરો, બીજું કાંઇ કરવાની જરૂર નથી. આ માનવજન્મ મેળવી અને અનેક શાસ્ત્રો સાંભળી જે સફળ કરવાનું છે તે સર્વ શત્રુંજયની કથા શ્રવણ કરવાથી સફળ થાય છે. હે પ્રાણીઓ ! જો તમારે તત્ત્વ જાણવાની ઇચ્છા હોય વા ધર્મ કરવાની બુધ્ધિ હોય તો બીજું સર્વ છોડી દઇ આ સિધ્ધગિરિનો આશ્રય કરો. શત્રુંજય ગિરિએ જઇને સર્વ જગતને સુખના કારણરૂપ જે જિનેશ્વરનું ધ્યાન કરવું તે અતિ શ્રેષ્ઠ છે. કેમકે તેના જેવું બીજું પરમતીર્થ નથી અને તેના જેવો (જિનધ્યાન જેવો) બીજો શ્રેષ્ઠ ધર્મ નથી. પ્રાણીઓએ, કુલેશ્યાઓથી આપત્તિને આપનારૂં મન, વચન, અને કાયાવડે ઉપાર્જન કરેલું જે ભયંકર પાપ હોય તે પણ પુંડરીકગિરિના સ્મરણથી નાશ પામી જાય છે. સિંહ, વ્યાઘ્ર, સર્પ, શિકારીપક્ષી અને બીજા પાપી પ્રાણીઓ પણ આ શત્રુંજય તીર્થપર અરિહંતના દર્શનથી સ્વર્ગગામી થાય છે. જે પ્રાણીઓએ સુર, અસુર અને મનુષ્યાદિ ભવોમાંહેલા કોઇપણ ભવમાં આ ગિરિરાજને અવલોક્યો નથી તે પશુરૂપ પ્રાણીઓને કલ્યાણનો ઉદય થતો જ નથી. અન્ય તીર્થોમાં જઇ સારી

રીતે ધ્યાન, શીલ, દાન અને પૂજન કર્યાથી જે ફળ પ્રાપ્ત થાય તેનાથી અધિક ફળ આ શત્રુંજયની કથા સાંભળવાથી થાય છે. તેથી હે પ્રાણીઓ ! આ ગિરિરાજનું માહાત્મ્ય મહાભક્તિથી શ્રવણ કરો. તેના શ્રવણમાત્રથી આપત્તિરહિત પ્રાપ્ત થાય છે.

એક વખત વૃંદારકોથી (દેવોથી) પરવરેલા શ્રી મહાવીર સ્વામી બાહ્ય અને અંતરંગ શત્રુઓને (કામ, ક્રોધ, લોભ વિગેરે) જય કરનારા શ્રી શત્રુંજયપર્વત ઉપર પધાર્યા. તે વખતે વર્તમાન તીર્થંકરને નમવાને જાણે ત્વરા કરાવતા હોય તેમ ઇંદ્રોનાં આસનો સંભ્રમથી કંપાયમાન થયાં. વીશ ભવનેંદ્રો, બત્રીશ વ્યંતરોનાઇંદ્રો, બે જ્યોતિરિંદ્રો, અને દશ ઊર્ધ્વલોકવાસી વૈમાનિકના ઇંદ્રો મળી ચોસઠ ઇંદ્રો બીજા ઘણા દેવતાઓથી વીંટાઇને જગત્પતિ શ્રી મહાવીરસ્વામીથી શોભિત એવા તે ગિરિરાજ ઉપર આવ્યા. સર્વ લોકમાં અદ્વિતીય, દર્શનીય એ ગિરિરાજને જોઇ જોઇ દેવતાઓ કૌતુકથી મસ્તક ધુણાવવા લાગ્યા. તે વખતે ઇંદ્ર પોતાના સેવકોને આ પ્રમાણે કહેવા લાગ્યો. ''અહો ! સર્વ તરફ વિસ્તારવાળો, અને પવિત્ર એવો આ ગિરિરાજ મહાઉદ્યોતવાળા અમૂલ્ય રત્નાની અત્યંત પ્રસરતી કાંતિથી ઘણો વિચિત્ર જણાય છે. સુવર્ણનાં શિખરોથી શોભાસંયુક્ત આ ગિરીશ્વર જાણે સર્વ પર્વતોનો પતિ હોવાથી મુગુટોવડે મંડિત હોય તેવો જણાય છે. સુવર્ણના, રૂપાના અને રત્નોના શિખરોથી આકાશને વિચિત્ર રંગવાળું કરતો અને એકી સાથે ભૂમિ તથા અંતરીક્ષને પવિત્ર કરતો આ ગિરિરાજ પાપને હરણ કરનારો છે. સ્વર્ણગિરિ, બ્રહ્મગિરિ, ઉદયગિરિ અને અર્બુદગિરિ વિગેરે એકસોઆઠ મોટાં શિખરોથી આ ઘણો ઉંચા પ્રકારે શોભે છે. સર્વ તરફ રહેલા અર્હંતોનાં મંદિરોથી અને યક્ષોના આવાસોથી આ સિદ્ધશૈલ શોભી રહ્યો છે. યક્ષ, કિન્નર, ગંધર્વો, વિદ્યાધરો, દેવતાઓ અને અપ્સરાઓથી નિરંતર સેવાયેલો આ શત્રુંજયગિરિ કાંતિમાન જણાય છે. એ ગિરિની પવિત્ર ગુફાઓમાં રહીને મુમુક્ષુ અને યોગી એવા વિદ્યાધરો, નરો અને નાગકુમારો નિરંતર અર્હન્મય તેજનું ધ્યાન ધરે છે. રસકૂપી, રત્નોની ખાણો અને દિવ્ય ઔષધિઓથી એ ગિરિ સર્વ પર્વતોના ગર્વને ભેદી નાખનારો છે. કસ્તૂરી મૃગોના યૂથથી (ટોળાથી) મયૂરોથી, મદોન્મત્ત કુંજરોથી, અને સંચાર કરતા ચમરી મૃગોથી એ ગિરિની સર્વતરફ અલૌકિક શોભા જણાય છે. મંદાર, પારિજાતક, સંતાન અને હરિચંદન વિગેરે વૃક્ષોથી તથા વિચિત્ર પ્રકારના ચંપક, આસોપાલવ, અને સલ્લકીનાં સુંદર વૃક્ષોથી એ ગિરિ ભરપૂર છે. કેતકી કુસુમોના આમોદથી તેણે સર્વ દિશાઓને સુગંધી કરેલી છે. ઝરતા નિઝરણાના જલના ઝણકારાથી તે હંમેશા શબ્દમય થઇ રહ્યો છે. માલતી, પાડલ, કૃષ્ણાગુરુ અને અમ્ર વિગેરે વૃક્ષોથી તે સદા પુષ્પ અને ફળવાળો હોવાથી અધિક શોભે છે.''

''હે સેવકજનો ! જુઓ આ કલ્પવૃક્ષોની ઘાટી છાયામાં બેઠેલી કિન્નરોની સ્ત્રીઓ, જિનપતિના ગુણોને ગાયન કરતી પોતાના પાપને ખપાવે છે. જુઓ તેઓને પ્રિય એવો આ ગિરિ, નિઝરણાના જલમાંથી ઉડતા કણીઆઓનેમિષે જાણે મુક્તિરૂપી સુંદરીના હારને માટે મોતી વેરતો હોય તેવો જણાય છે. જુઓ આ એક તરફ નિઝરણાના જલબિંદુમાં મેઘની ભ્રાંતિવાળા મયૂરો પ્રભુની આગળ નૃત્ય કરે છે. આ એક તરફ સહસ્ત્રફણાથી મંડિત એવો પાતાળપતિ (ધરણેન્દ્ર) જિનેશ્વરની પાસે દિવ્ય નાટક કરી રહ્યો છે. આ એક તરફ ખેચરોની સ્ત્રીઓ સુંદર વેષ ધારણ કરી, અને હાથમાં વીણા લઇ ઉત્તમ ગીતોથી અર્હંતની ગુણશ્રેણીનું ગાયન કરતી દેખાય છે. આ એક તરફ જન્મથી જ પરસ્પર વિરોધી એવા પ્રાણીઓ, પ્રભુના મુખને જોતાં પોતાનુંવૈર છોડી પરસ્પર ક્રીડા કરે છે. આ એક તરફ પૂર્વ સમુદ્રમાં મળતી, શત્રુંજ્યા નદી (હાલ શેત્રુંજી એ નામથી પ્રસિદ્ધ છે) તેના જોનાર અને સાંભળનારની જાણે પુણ્યરેખા હોય તેવી જણાય છે. આ એક તરફ તાલધ્વજ ગિરિના ઉત્સંગમાં થઇ શત્રુંજયાને અનુસરતી તાલધ્વજી સરિતા સમુદ્રને મળે છે. આ એક તરફ ઇંદ્રે રચેલી, પોતાના નિર્મળ જલથી મહોદયને પ્રાપ્ત કરનારી અને પ્રફુલ્લિત કમળોવાળી ઐંદ્રી નદી ઉત્તર દિશામાં શોભે છે. જુઓ આ એક તરફ દિવ્ય જળના કલ્લોલથી શોભતી અને કમળોના મધ્ય ભાગમાં રહેલા હંસ અને સારસ પક્ષીઓએ સેવેલી કમર્દિકા નદી આવેલી છે. આ એક તરફ પ્રભુથી પશ્ચિમ દિશામાં વિશ્વને ઉપકાર કરનારી, અને પાપને હરનારી બ્રાહ્મી નામે નદી સંપૂર્ણ જલયુક્ત શોભે છે. જુઓ આ શત્રુંજયા, ઐંદ્રી, નાગેંદ્રી, કપિલા, યમલા, તાલધ્વજી, યક્ષાંગા, બ્રાહ્મી, માહેશ્વરી, સાભ્રમતી, શબલા, વરતોયા, જયંતિકા, અને ભદ્રા એ ચૌદ મહા નદીઓ ઘણી સુંદર જણાય છે. વળી આમ પૂર્વ દિશામાં

અપરિમિત શોભાવાળું સૂર્યોદ્યાન અદ્‌ભુત જણાય છે, તેની પાસે દક્ષિણ દિશામાં સ્વર્ગોદ્યાન, નંદનવનના જેવી કાંતિથી ઝળકે છે, આ પશ્ચિમ દિશામાં મોટું ચંદ્રોદ્યાન ઘણું મનોહર લાગે છે અને ઉત્તર દિશામાં લક્ષ્મી લીલાવિલાસ નામે ઉદ્યાન આવેલું છે. ચાર દિશાઓમાંથી આવતી લક્ષ્મીઓના કેશપાશ જેવા એ ચાર ઉદ્યાનોથી આ ગિરિરાજ ઘણો દીપી નીકળે છે. આ એક તરફ સુધર્મા ઇંદ્રની આજ્ઞાથી કુબેરે રચેલો ઇંદ્રકુંડ સર્વ પાપનો નાશ કરે છે. આ તરફ ચંદ્રિકાના જેવા ઉજજવળ જલતરંગોના શબ્દોથી શોભતું ભારત સરોવર જાણે ભરત રાજાનો યશોરાશિ હોય તેમ શોભી રહ્યું છે. આ તરફ મંદ મંદ પવને કંપાવેલ ઊર્મિઓની શ્રેણી વડે લલિત થયું કપર્દિયક્ષનું કપર્દિ સરોવર સર્વને સુખકારી લાગે છે. આ એક તરફ મુક્તિરૂપી સદરીને પોતાની શોભા જોવાનું જાણે દર્પણ હોય, તેવું સર્વતીર્થાવતાર નામે સરોવર તપસ્વી મુનિઓના રાગને પણ વિકાસ કરી રહેલું છે. આ તરફ સુંદર જળવાળા સૂર્યકુંડ, ચંદ્રકુંડ અને તે સિવાય બીજા પણ કુંડો તેઓના બનાવનારાના નામવાળા આવેલા છે.

“હે દેવતાઓ ! જુઓ આ એક તરફ જે વિશેષ બુદ્ધિવાળા મુનિ તપ કરે છે તે મહાત્માના વિચિત્ર ચરિત્રની વાર્તા ઘણી કૌતુકવાળી છે, તે તમે સાંભળો, આ મુનિ પૂર્વે કંડૂ નામે એક ચંદ્રપુર નામના નગરનો રાજા હતો. એ કંડૂરાજા પાપીઓનો પ્રભુ (બહુ પાપી) હતો અને યમરાજ જેવો ક્રૂર હતો. મદિરામાં મત્ત અને ધનથી ઉદ્ધત તે રાજા દેવ, ગુરુ, વૃદ્ધ અને માતાપિતાને જરા પણ માનતો નહીં. પાપીઓને પણ પૂર્વના પુણ્યોદયથી સંપત્તિઓ વૃદ્ધિ પામે છે પરંતુ પરિણામે ઘાસનો સમૂહ જેમ અગ્નિશિખાથી નાશ પામે તેમ સમૂળગી નાશ પામે છે. એ મૂઢ રાજા જ્યારે સુતો ત્યારે પણ અનેક ઉપાયો વડે અનેક પ્રકારનાં કષ્ટો ઉત્પન્ન કરીને પરસ્ત્રી અને પરધન હરણ કરવાનું તથા લોકોનો વિનાશ કરવાનું જ મનમાં ધ્યાન કરતો, અને પ્રાતઃકાલે ઉઠીને લોકોને બોલાવી તેઓની સંપત્તિઓ તથા સ્ત્રીઓને જરા પણ ક્ષોભ પામ્યા સિવાય લઇ લેતો હતો. જો કે રાજાઓ પ્રાયઃ પૂર્વપુણ્યથી જ સર્વ સંપત્તિઓ પ્રાપ્ત કરે છે, પણ જ્યારે તે (પુણ્ય) તેનું દ્વેષી થાય છે ત્યારે તે રાજાઓ દુર્ગતિમાં જનારા થાય છે. આવી રીતે કોક પક્ષીને જેમ ચંદ્ર પીડા પમાડે તેમ લોકોને અનેક પ્રકારની કદર્થના પમાડ્યા પછી પ્રાંતે તે કંડૂ રાજાને ક્ષયરોગ થયો; એ રોગથી તેનો દેહ ક્ષીણ થવા માંડ્યો એટલે તેને મિત્રની માફક ધર્મનું સ્મરણ થયું. મૂઢબુદ્ધિવાળાઓ, જ્યાંસુધી સર્વ તરફથી સુખ હોય છે ત્યાંસુધી ધર્મને કિંચિત્‌માત્ર પણ માનતા નથી, પણ જ્યારે યમરાજાનો પાસ પ્રાપ્ત થાય છે ત્યારે તેઓ ધર્મને સંભારે છે.”

એક વખતે ક્રૂર લોકોએ સેવેલો કંડૂરાજા સભામાં બેઠો હતો અને પોતે કરેલા પરદ્રોહની ચિંતાથી તેનું મન કલેશ પામવા લાગ્યું હતું. તેવામાં કલ્પવૃક્ષના પત્ર ઉપર લખેલો અને કોઇએ આકાશમાંથી મુકેલો એક દિવ્ય શ્લોક તેની આગળ આવીને પડ્યો. તે શ્લોક આ પ્રમાણે હતો.

**धर्मादधिगतैश्वर्यो धर्ममेव निहंति यः !**
**कथं शुभायतिर्भावी स स्वामिद्राहपातकी ।।७।।**

(ધર્મથી ઐશ્વર્ય મેળવી જે માણસ તે ધર્મને જ હણે છે, તે સ્વામિદ્રોહ વડે પાપી થયેલાનું શુભ પરિણામ કેમ આવે ?) આવી રીતે પત્રલિખિત શ્લોકને હર્ષપૂર્વક વાંચી તેનો અર્થ જાણી કંડૂરાજા ચિત્તમાં વિચાર કરવા લાગ્યો-અહો ! મહામોહ અને માયાવાળા ચિત્તથી મેં જે પાપ કર્યું, તેનું સ્પષ્ટ રીતે આ કષ્ટકારી ફળ મને પ્રાપ્ત થયું. માછલાની પેઠે જાળમાં કાંટાએ ભરાવેલા આમિષ (માંસનો કટકો) જેવી સંપત્તિ મેળવી, તેના ગ્રાસમાં લુબ્ધ થએલા મેં આ સંસારરૂપી જાળમાં મારા આત્માને ફોગટ બંધનમાં નાખ્યો. જો રાજા ન્યાયમાર્ગે અનુસરે તો આ લોક ને પરલોક બન્નેમાં અભય પામે છે, અને જો અસન્માર્ગે અનુસરે તો તે લોકોનો, કુળનો અને રાજ્યનો ક્ષય કરે છે. તે ફળ મને ખરેખર પ્રાપ્ત થયું. આવી રીતે ચિંતાતુર થએલો એ મૂર્ખશિરોમણી રાજા રાત્રિના વખતે એકલો રાજ્ય છોડી મરવાની ઇચ્છાએ સમુદ્રપાત કે ગિરિથી ઝંપાપાત કરવાને માટે ચાલી નીકળ્યો. પ્રચંડ ભુજદંડવાળો એ રાજા જેવો નગર બહાર નીકળ્યો તેવી જ પોતાની સામે એક સુંદર ગાય તેના જોવામાં આવી. અકસ્માત્ ક્રોધથી પોતાનું પુચ્છ ઉછાળતી તે સ્વેચ્છાચારી ગાયે જાણે વૈરિણી હોય તેમ રાજા પાસે

આવીને શીંગડા વડે પ્રહાર કર્યો. પૂર્વના અભ્યાસ વશથી (મરવા જતો હતા તે વાત ભૂલી જઇ) ગાય ઉપર ક્રોધ કરી યમરાજની સાથે સ્પર્ધા કરતો રાજા હાથમાં ખડ્ગ લઇને તેણીની ઉપર ધસ્યો. ગાય પણ યમરાજના સીત્કારા જેવો ફુંફાડો કરી ક્રોધથી તેના સામી યુદ્ધ કરવા આવી. તેને કોપથી આવતી જોઇ રાજાએ વેગવડે ખડ્ગનો ઘા કર્યો. તેથી ગાયના શરીરના બે ભાગ થઇ ગયા. તેમાંથી એક હાથમાં કાતીવાળી ભયંકર સ્ત્રી નીકળી ! રાતા નેત્રવાળી અને હાથમાં કર્ત્તિકા (કાતી) નચાવતી એ સ્ત્રીએ નિષ્ઠુર વાક્યવાળી ગિરાથી રાજાને કહ્યું. 'અરે પાપી ! પશુ, દિન અને શસ્ત્ર વિનાની ગરીબ ગાયને તેં મારી નાખી, પણ જો તારી શક્તિ હોય તો ચાલ મારી સાથે યુદ્ધ કર.' તેના મુખમાંથી એવું સહેતુક વચન સાંભળી પોતાના ખડ્ગ ઉપર દ્રષ્ટિ કરી એ અપવિત્ર રાજા, તે સ્મિત કરતી સ્ત્રીપ્રત્યે બોલ્યો - 'હે માનિનિ ! તું એક કદળીના દળ જેવી કોમળ યુવતી છે, અને હું એક શસ્ત્રશાસ્ત્રમાં પ્રવીણ શૂરવીર ક્ષત્રીય છું, તેથી આપણા બન્નેનું યુદ્ધ પ્રશંસા પાત્ર કેમ ગણાય ? કોપ પામેલો પણ સિંહ, મૃગલી સાથે સંગ્રામ કરવાને ઇચ્છતો નથી.' એમ કહી રાજા વિશ્રામ પામ્યો એટલે તે યુવતિ ગર્વથી બોલી, 'હે રાજા ! તારી પેઠે હું પણ શૂરવીર છું માટે સંગ્રામમાં તૈયાર થા.' રમણીનું સગર્વ વચન સાંભળી રાજાને વિશેષ કોપ થયો એટલે તરત જ હાથમાં ખડ્ગ લઇ જેવામાં તેની સામે ચાલ્યો, તેવામાં જ કર્તિકાથી વીંધાઇ ગયેલો અને રૂધિરે ઝરતો પોતાનો દેહ તેના જોવામાં આવ્યો. યુવતીએ ફરીથી કહ્યું કે- 'હે રાજા ! આટલાથીજ તારૂં પરાક્રમ તારા જાણવામાં આવ્યું હશે તથાપિ હજુ પણ જો તું શક્તિવંત હો તો યુદ્ધ કરવા તૈયાર થા.' આવું તિરસ્કાર ભરેલું વચન સાંભળી, ભૂપતિ પોતાના મનમાં વિચારવા લાગ્યો કે, અહો ! દૈવ વિપરીત થયે એક સ્ત્રીથી પણ હું પરાભવ પામ્યો. જગતમાં પ્રાણીનું જ્યાંસુધી પૂર્વનું પુણ્ય હાનિ ભાવને પામ્યું ન હોય, ત્યાં સુધી જ બલ, તેજ અને કીર્તિ અખંડિત રહે છે. પ્રાણીઓને શુભકર્મમાં પૂર્વ પુણ્ય જ પ્રમાણ ગણાય છે. કેમ કે સૂર્ય જેવા તેજસ્વીને પણ કેટલોએક કાલ ક્ષીણ તેજપણે તપવું પડે છે. જે સર્વ, સુખકારી અને સારા પરિણામવાળું પુણ્યવાનને થાય છે તે સર્વ, પુણ્યરહિત માણસને વિષની પેઠે દુઃખકારી થાય છે. પૂર્વે મોટા ગજેંદ્રોની ઘટાને હું એક લીલામાત્રમાં પુચ્છ વડે પકડી આકાશમાં ઉછાળતો હતો તે જ હું આજે આ એક અબળાથી જિતાઇ ગયો. એમ વિચારતાં મહારોગથી નિર્વેદ (વૈરાગ્ય) પામીને પોતે કરેલો રાજ્યનો ત્યાગ, અને ક્રોધથી કરેલી ગાયની હત્યા એ બન્ને કાર્ય તેના સ્મરણમાં આવ્યાં. તેથી ફરી અતિ દુઃખી થઇ વિચારવા લાગ્યો કે, ઘેરથી મરણ પામવાનો નિશ્ચય કરી નીકળેલો હું મારવા આવતી ગાયથી શા માટે ભય પામ્યો ? અન્ય પ્રસંગ પામી મરણને પણ ભૂલી જઇ અહો ! મેં ગૌહત્યાનું પાપ કર્યું, તો તે પણ મને કુગતિને આપનારૂં એક વિશેષ કારણ થઇ પડ્યું. જેની પાસે કાંઇ પણ પુણ્યની સીલક નથી તે જંતુ ઘણો દુઃખી થાય છે. ડાહ્યો માણસ પણ જો પાસે મુડી (મૂળ ધન) ન રાખે તો તેને દીનની પેઠે સીદાવું પડે. હવે આપત્તિના સમુદ્રમાં ડુબેલો હું શું કરૂં ? અગ્નિ લાગ્યા પછી કુવો ખોદવાથી શું સુખ થાય ?

''આવી રીતે કંડૂરાજા ઘણો શોક કરતો હતો તેવામાં તેને પરાભવ કરનારી તે સુંદર દેવયુવતી બોલી, ''હ મૂઢ ! હે મહાપાપી ! અત્યારે હવે તું દુઃખી થઇને શું ચિંતવે છે ? પૂર્વે રાજ્યના મદથી અંધ થઇને ધર્મનો મોટો દ્રોહ કર્યો અને જ્યારે હમણાં આ પીડા પ્રાપ્ત થઇ ત્યારે હવે ધર્મને શું સંભારે છે ? આ જગતમાં વિદ્વાનો ધર્મના જેવો કોઇ બીજો ધન્ય અને ઉપકારી માનતા નથી, કારણ કે અંત સમયે પણ તેને સંભાર્યો હોય તો તે પોતાના દ્રોહ કરનારને પણ તારે છે. પરંતુ હે મૂઢ ! હજી તારા ચિત્તમાં ધર્મબુદ્ધિ નથી, માત્ર તારા શરીરમાં પીડાકારી રોગ (ક્ષય) થવાથી તું આ વખતે તેનું સ્મરણ કરે છે. તેવી તારી પરીક્ષા મેં સારી રીતે કરી લીધી છે. હું અંબિકા નામે તારી ગોત્રદેવી છું. તારૂં સત્વ જોવાને આદરસહિત ગાયનું રૂપ ધરીને હું તારી પાસે હર્ષથી આવી હતી. પરંતુ અદ્યાપિ તારૂં મન કોપથી કલુષિત છે; તે હજી શુદ્ધધર્મના નિવાસને લાયક અને સમતારૂપ અમૃતે પ્લાવિત થયું નથી. હે રાજા ! તું સર્વ દેશોમાં ફર અને અનેક તીર્થોમાં અટન કર; જ્યારે તને ખરી ધર્મસાધના કરવાની વેળા પ્રાપ્ત થશે ત્યારે હું આવીને જરૂર કહીશ.'' એ પ્રમાણે કહી ગોત્રદેવી અંતર્ધાન થઇ. કંડૂ રાજા વિચારવા લાગ્યો કે, અહો ! અદ્યાપિ મારૂં ભાગ્ય જાગે છે જેથી મારી ગોત્રદેવી પ્રત્યક્ષ થઇને મારી પાસે મારૂં હિત કરવા આવી. હવે મારા મનરૂપી હસ્તીને દમન કરવાને હું રાતદિવસ પ્રયત્ન કરૂં, જેથી મને મોક્ષલક્ષ્મી પ્રત્યક્ષ થશે; એમ વિચારી

પ્રાતઃકાલે કોઇ દિશા તરફ તે ચાલી નીકળ્યો. ચિત્ત સ્વસ્થ થવાથી તેને જરાપણ દુઃખ રહ્યું નહિ. ક્રોધરૂપી અગ્નિને બુઝાવી સર્વ પ્રાણીઓમાં સમાન ચિત્ત રાખતો ભૂમિના ભાગમાં ફરતો ફરતો તે રાજા કોલ્લાકનામે ગિરિ ઉપર આવ્યો અને તે ગિરિ ઉપર રાત્રિવાસો રહ્યો. રાત્રિના છેલ્લા પહોરે તેનો પૂર્વનો વૈરી કોઇ યક્ષ પ્રત્યક્ષ થઇને તેની આગળ આવ્યો. તેની દ્રષ્ટિ વિકરાળ હતી, ક્રોધથી મુખ રક્ત થઇ ગયું હતું. ભયંકર ભ્રુકુટી ભમાવતો હતો અને હાથમાં ગદા રાખી હતી. રાજાની સન્મુખ આવી તેણે ક્રોધને પ્રગટ કરનારા વચન વડે કહ્યું-

"હે દુષ્ટ રાજા ! તને સાંભરે છે ? પૂર્વે કામાંધ થઇને તેં મને હણી મારી સ્ત્રીનું હરણ કર્યું હતું. હવે તારૂં મરણ આવ્યું છે માટે તારા ઇષ્ટદેવનું સ્મરણ કર. મદાંધ પુરૂષો પ્રારંભમાં જણાતા સુખને માટે પ્રથમ પાપ કરે છે પણ જ્યારે ભોગવવાનો સમય આવે છે ત્યારે પાપ ઘણાં ભયંકર થઇ પડે છે. હમણાં તારાં પાપ ભોગવવાનો સમય આવ્યો છે માટે તું તે સંભાર," આ પ્રમાણે કહ્યું તો પણ રાજા મૌન રહ્યો, એટલે તે મહાયક્ષ રાજાને ઉપાડી ક્ષણમાત્રમાં અંતરીક્ષમાં લઇ ગયો. ત્યાંથી કોઇ પર્વતની ભયંકર ગુફામાં લઇ જઇ અનેક જાતનાં બંધનોથી બાંધ્યો. પછી જાણે પૂર્વનાં પાપોનું પ્રાયશ્ચિત આપતો હોય તેમ પાદપ્રહાર અને લપડાકથી ખૂબ મારી તથા પર્વતના અગ્રભાગમાં, સમુદ્રમાં, કાંટાના વનમાં અને મોટા ખાડાઓમાં પછાડી પછાડી છેવટે તેને તે ગુફામાં મૂકીને અંતર્ધાન થયો. જો કે તે યક્ષના પ્રહાર ત્રૈલોંક્ય વિદારણ થઇ જાય એવા હતા તો પણ પૂર્વના કોઇ સુખકારી કર્મથી કંડૂરાજાનો દેહ મૃત્યુથી બચી ગયો. થોડીવારે ઝરણાના જલથી શીતળ થયેલા પવનના સ્પર્શથી, સચેતન થઇ તે રાજા ચિત્તચાતુર્યથી વિચાર કરવા લાગ્યો કે અહો ! પૂર્વે મેં જે પાપરૂવી વૃક્ષ વાવ્યું છે તેને હજુ તો માત્ર આ પલ્લવ થયાં છે તેનેં પુષ્પ અને ફળ તો તિર્યંચ, નરકાદિક દુર્યોનિમાં થવાનાં બાકી છે. મદાંધ અને અધમ પુરૂષો સહસામાત્રમાં જે પાપ કરે છે તે પાપથી મહારૂદન કરતાં છતાં પણ પછી પોતાના આત્માને મૂકાવી શકતા નથી. એવી રીતે પોતે પૂર્વે કરેલા અનર્થોને માટે પોતાના આત્માની નિંદા કરતો કંડૂરાજા, તેઓનો ક્ષય કરવા માટે શુભ ધ્યાનપૂર્વક તીર્થનો ઉદ્દેશ કરીને ત્યાંથી ચાલ્યો. સર્વ પ્રાણીઓને આત્મવત્ જોતો અને દ્વેષને દૂર કરતો, પુણ્યપ્રાપ્તિના ઉદ્યમને માટે જ્યાં ત્યાં ભમવા લાગ્યો. તેવામાં તેની કુળદેવી અને શાસનદેવી અંબીકા પૂર્વે આપેલા વચનપ્રમાણે પ્રસન્નમુખસંયુક્ત તેની આગળ સાક્ષાત્ પ્રગટ થઇ બોલી "હે વત્સ ! તું શ્રી શત્રુંજય પર્વત જા, ત્યાં તારાં સર્વ હત્યાદિ પાપો લય પામશે. તારા પૂર્વજોની સદ્‌ભક્તિથી હું રંજીત થયેલી છું તેથી અગાઉ એક સુભાષિત શ્લોક કહ્યો હતો અને હવે આ તીર્થ તને બતાવું છું. હે મુગ્ધ ! અન્ય સંસારીની પેઠે બીજા લાખો તીર્થમાં તું શા માટે ભમે છે ? માત્ર એકવાર શત્રુંજય તીર્થને શા માટે સંભારતો નથી ? એ ગિરિરાજને જો સારી રીતે પૂજ્યો હોય, સંભાર્યો હોય, સ્તવ્યો હોય, સાંભળ્યો હોય, વા એકવાર દ્રષ્ટિમાર્ગે કર્યો હોય તો તત્કાળ કર્મનો ક્ષય થઇ જાય છે. પાપીઓને શલ્યરૂપ, ધર્મિઓને સર્વપ્રકારનાં સુખ આપનાર અને કોઇપણ પ્રકારની કામના (ઇચ્છા)વાળાની કામના પૂર્ણ કરનાર એ ગિરિ જયવંત વર્તે છે. તપવિના, દાનવિના અને પૂજા વિના પણ એ સિદ્ધક્ષેત્રનો ફક્ત શુભ ભાવથી સ્પર્શમાત્ર કર્યો હોય તો તે અક્ષય સુખને આપે છે. હે વત્સ ! નરકાદિ દુર્ગતિને આપનારૂં ઘણું નિવિડ કર્મ તેં બાંધેલું છ તે શત્રુંજય તીર્થ સિવાય બીજા કોઇ સુકૃતોથી ક્ષય થઇ શકે તેમ નથી. હે વત્સ ! અત્યારસુધી તારામાં મત્સરભાવ હતો તેથી મેં તારી ઉપેક્ષા કરી હતી; હવે તું એ તીર્થનાથના દર્શનને યોગ્ય થયો છે, માટે તને ત્યાં જવા કહું છું. એ ગિરિરાજની જગત્પાવની (જગતને પવિત્ર કરનારી) સેવા જો એકવાર કરી હોય તો લાખો ભવમાં ઉપાર્જન કરેલા પાપ ક્ષય થઇ જાય છે. **શત્રુંજય સમાન તીર્થ, આદિનાથ જેવા દેવ, અને જીવરક્ષા જેવો ધર્મ**, એ કરતાં શ્રેષ્ઠ ત્રણ લોકમાં અન્ય કાંઇ નથી. મુક્તિરૂપી સ્ત્રીનું પાણિગ્રહણ કરવાની વેદિકારૂપ, એ પર્વતોનો રાજા શત્રુંજયગિરિ અદ્‌ભુતપણે વિજય પામે છે. આ સંસારરૂપી સાગરમાં ડુબી જતાં પ્રાણીઓના સમૂહને આશ્રયરૂપ અને મુક્તિરૂપી તટવાળો એ વિમલગિરિ એક બેટરૂપે શોભે છે. પાપનો જય કરતો, ધર્મનો સંચય કરતો, સુખનું દાન કરતો અને સર્વલોકને પવિત્ર કરતો એ શાસ્વતગિરિ જયવંત વર્તે છે. એ પવિત્ર તીર્થના યોગથી સમતારૂપી જલમાં સ્નાન કરવા વડે જેનો આત્મા શુદ્ધ થયેલો છે, એવો તું આત્મારામ પ્રભુની ઉપાસના કરી સિદ્ધિપદને પામીશ."

આ પ્રમાણે પોતાની ગોત્રદેવીના મુખકમળમાંથી નીકળતો મધુરસ જેવો ગિરિરાજનો પ્રૌઢ મહિમા સાંભળી, જાણે અમૃતથી સીંચાયેલો હોય, દૂધથી ધોવાયેલો હોય, અને ચંદ્રિકાથી ન્હાયો હોય, તેમ કંડૂ રાજા સુંદર નિર્મલતાને પામ્યો. તરત જ જગજ્જનની અંબિકાને નમસ્કાર કરી, શંખના જેવું નિર્મલ અંતઃકરણ ધારણ કરી અને હૃદયમાં ચારૂ ચરિત્રની સ્પૃહા રાખી તે સિદ્ધાચળ તરફ ચાલી નીકળ્યો. જ્યાંસુધી તીર્થની પ્રાપ્તિ થાય નહીં ત્યાંસુધી તેણે આહાર કરવો તજી દીધો, અને માર્ગમાં ચાલતાં સિદ્ધગિરિના મનોહર ગુણોથી તેનું હૃદય આર્દ્ર થવા લાગ્યું. માનસિક ધ્યાનના યોગમાં અને દરેક કથાના પ્રસંગમાં ગોત્રદેવીએ કહેલા શત્રુંજય તીર્થને સ્પર્શ કરતો કરતો અનુક્રમે તે શત્રુંજયની નજીક આવી પહોંચ્યો. સાત દિવસે જ્યારે ગિરિરાજનું પવિત્ર શિખર તેના જોવામાં આવ્યું ત્યારે તેનાં દર્શન કરવામાં ઉત્કંઠિત એવાં પોતાનાં નેત્રોને તે કહેવા લાગ્યો "હે નેત્રો ! તમારા પુણ્યના સમૂહથી આજે ગિરિરાજ પ્રત્યક્ષ થયા છે, તેથી તેનું સારી રીતે દર્શન કરો." એવી રીતે હર્ષ પામેલા કંડૂરાજાએ માર્ગમાં એક મહામુનિને જોયા; એટલે પ્રણામ કરી મનિના મુખકમળ ઉપર દ્રષ્ટિ રાખીને તેમની પાસે બેઠો. જ્ઞાની અને દયાળુ મુનિ, રાજાને સંવેગનો સંગી જાણી આગ્રહથી તેને આ પ્રમાણે દેશના આપવા લાગ્યા-

"હે રાજન્ ! તું ધર્મમાં ઉત્સુક છે, વળી આ ગિરિરાજરૂપ પવિત્ર તીર્થતરફ ગમન કરે છે; માટે હે સત્વધર ! ચરિત્ર વા લક્ષણને પ્રકટ કરનાર તત્ત્વને સાંભળ. સર્વજ્ઞ જિનેશ્વરો કર્મરૂપી તૃણને છેદનારૂં, અને પાંચમી ગતિ (મોક્ષ)ને આપનારૂં એ ચારિત્ર પાંચ પ્રકારે કહે છે. પહેલું સામાયિક, બીજું છેદોપસ્થાપનીયક, ત્રીજું સૂક્ષ્મક્રિય (સંપરાય), ચોથું પરિહારવિશુદ્ધિ અને પાંચમું યથાખ્યા. (નવતત્ત્વ બાળાવબોધમાં સંવરતત્ત્વમાં વિસ્તાર જુઓ) **એ ચારિત્ર વિના પંગુની પેઠે જ્ઞાનદર્શન વૃથા છે અને જ્ઞાનદર્શન વિના અંધની પેઠે એ ચારિત્ર નિષ્ફળ છે.** જેમ સુવર્ણના ઘડામાં અમૃત, સુવર્ણમાં સુગંધ, ચંદ્રમાં ચંદનલેપ, મુદ્રિકામાં મણિ, પર્વણીમાં દાન, અને દાનમાં અદ્‌ભુત વાસના અતિશય શોભે છે, તેમ આ સિદ્ધગિરિમાં ચારિત્ર અંગીકાર કરીને જિનેશ્વરનું ધ્યાન કરવું તે અતિ ઉત્કર્ષકારી છે."

"મુનિની આ પ્રકારની વાણીથી હર્ષ પામેલો કંડૂરાજા તેમની પાસે ચારિત્ર ગ્રહણ કરી, બાહ્ય અભ્યંતર બન્ને પ્રકારના પરિગ્રહને છોડી પ્રસન્ન દ્રષ્ટિ કરી શત્રુંજય તીર્થે આવ્યો. ગિરિરાજ ઉપર ચડીને એ કંડૂ મુનિએ શીલરૂપી કવચ અને દયારૂપી ઢાલ ધારણ કરી, વ્રતરૂપી અસ્ત્ર વડે પાપરૂપી શત્રુને વેગથી હણી નાખ્યો. હે દેવતાઓ ! તે આ કંડૂમુનિ આદિનાથની પવિત્ર મૂર્તિના વારંવાર દર્શન કરતાં છતાં પણ તૃપ્તિ નહીં પામતો અને રોમાંચસહિત પ્રભુના દર્શનને માટે પોતાનાં નેત્રોને નિર્નિમેષપણે (આંખના પલકારા વગર) પ્રવર્તાવતો આ શિખરના અગ્રભાગમાં દુષ્કર તપ કરે છે. હવે એ મહાત્માનાં કર્મ ક્ષીણ થઇ ગયાં છે, તેથી અલ્પસમયમાં તે શુભોદય (કેવળ) જ્ઞાનને પ્રાપ્ત કરશે. હે દેવો ! એક વખતે હું મહાવિદેહ ક્ષેત્રમાં ગયો હતો, ત્યાં પણ સીમંધરસ્વામીના મુખથી મેં સાંભળ્યું હતું કે "જે મહાપાપી હોય તે પણ કંડૂરાજાની પેઠે શત્રુંજય ગિરિના સેવનથી શુદ્ધ થઇ સિદ્ધિને પામે છે."

ઇંદ્રે એ પ્રમાણે કહ્યું એટલે સર્વ દેવતાઓ પોતાની કાંતિથી આકાશને પ્રકાશિત કરતા અને મોટા રંગ વડે તરંગિત થતા, આદ્ય તીર્થંકરને નમસ્કાર કરવા ચાલ્યા. દુષ્ટકર્મોનો નાશ કરનાર અને દુષ્ટોનું અદન (ભક્ષણ) કરનાર રાજાદનીના (રાયણના) વૃક્ષને પ્રદક્ષિણા કરી તેઓએ શ્રી મહાવીરસ્વામીની પાસે આવી નમસ્કાર કર્યો. ભગવંતની આસપાસ બીજા મુનિઓ જાણે મૂર્તિમાન શમરસ તથા દેહધારી ધર્મ હોય તેવા જણાતા હતા. જેમાંના કોઇ અનેક લબ્ધિઓના મોટા ભંડાર હતા, કોઇ અષ્ટાંગયોગમાં નિપુણ હતા, કોઇ મહિમાના ઉદયથી પુષ્ટ હતા, કોઇ આત્માને ધ્યાનમાં લીન કરતા હતા, કોઇએ મૌનવ્રત અવલંબન કર્યું હતું, કોઇ ધર્મનું માહાત્મ્ય કહેતા હતા, કોઇ મહામંત્રનો જપ કરતા હતા, કોઇ જપમાળાના મણકા ફેરવતા હતા, કોઇ પરસ્પર કથા કરતા હતા, કોઇ કાયોત્સર્ગમાં રહ્યા હતા, કોઇ પદ્માસન કરી બેઠા હતા, કોઇ અદીનપણ અંજલિ જોડતા હતા, કોઇ આદિનાથના મુખકમળને જોવામાં તત્પર હતા, કોઇ સૂર્યસામાં નેત્રો રાખી રહ્યા હતા, કોઇએ હાથમાં પુસ્તકો રાખ્યાં હતાં, કોઇ તપ કરતા હતા અને કોઇ તીર્થસેવા કરતા હતા. એવા સમગ્ર સિદ્ધાંત અને

તત્ત્વવિદ્યામાં નિપુણ, શ્વેત વસ્ત્રોને ધારણ કરનારા, ઉગ્ર પરીસહાને સહન કરનારા, અંતરંગ શત્રુઓને જીતવામાં શૂરવીર, સત્વમાં પ્રીતિવાળા અને ચૌદ ઉપકરણોની પ્રતિલેખના કરતા તે મુનિઓને દેવતાઓએ પ્રણામ કર્યો. પછી પરસ્પર સાર સાર રત્નોનો ઉપયોગ કરવા વડે સ્પર્ધા કરતા દેવતાઓએ સમવસરણની રચનાનો આરંભ કર્યો.

વાયુકુમાર દેવોએ સુગંધી વાયુથી માર્જન કર્યું, અને મેઘ કુમારોએ સુગંધી જલથી સિંચન કર્યું; સુગંધી જલ વડે સિંચન થયેલી એ શત્રુંજયની ભૂમિ જાણે મોક્ષરૂપ ફળને માટે પુણ્યરૂપી વૃક્ષ વાવવા સારૂ તૈયાર કરી હોય તેવી શોભવા લાગી. તેની ઉપર વ્યંતર દેવતાઓ યોજન પ્રમાણ ભૂમિમાં જેઓના ડિંટ નીચે છે એવાં પંચવર્ણી પુષ્પોની જાનુ પ્રમાણ વૃષ્ટિ કરી; વિચિત્ર અને વિવિધવર્ણી રત્નોથી સપાટ બાંધેલા પૃથ્વીતળ ઉપર વ્યંતરેંદ્રોએ ભરપૂર પુષ્પોના રાશિ વેર્યા. રત્નની ભૂમિ ઉપર રહેલાં એ પુષ્પો જાણે પ્રભુની પાસે કામદેવે પોતાનાં શસ્ત્રો છોડી દીધાં હોય તેમ શોભવા લાગ્યાં. ચારે દિશાએ રાતા પલ્લવાનાં તોરણો બાંધ્યાં, જેનાથી દિશાઓનાં મુખ સરાગ જણાવા લાગ્યાં. તે પછી બાહેરના ભાગમાં ભુવનપતિઓએ પ્રભુના શુભ ધ્યાનનો જાણે મૂર્તિવંત ભંડાર હોય તેવો પ્રકાશમાન રૂપાનો ગઢ કર્યો, તે યોજન સુધીની પૃથ્વીમાં પિંડકારે વ્યાપીને રહેલો હોવાથી ચંદ્રના જેવો શોભતો હતો; તે તેત્રીશ ધનુષ અને એક તૃતીયાંશ યુક્ત એક હાથ પહોળો અને પાંચસે ધનુષ ઉંચાઈમાં હતો. કુંડળને આકારે શોભતા એ ગઢની ઉપર ફરતી સુવર્ણના કાંગરાની શ્રેણી કરવામાં આવી. તે ગઢથી ૧૫૦૦ ધનુષ મૂકીને જ્યોતિષ્પતિ દેવતાઓએ સુવર્ણનો મધ્યમગઢ કર્યો; પૂર્વના ગઢની જેટલાજ પહોળા ને ઉંચા તે ગઢ ઉપર કરેલા પ્રકાશમાન રત્નમય કાંગરા ઘણા સુંદર જણાવા લાગ્યા. તે પછી તેની અંદર વૈમાનિક દેવતાઓએ કિરણોના તરંગોથી વિચિત્ર રત્નમય ગઢ પૂર્વના માનપ્રમાણે કર્યો અને તેની ઉપર દિવ્ય પ્રભાવથી સંપૂર્ણ મણિના કાંગરાની શ્રેણીઓ રચવામાં આવી; તે બહુજ શોભવા લાગી. તે ગઢોની ઉપર સંસારમાં પરિભ્રમણ કરવાથી તાપ પામેલા પ્રાણીઓના ખેદનો નાશ કરવાને માટે જાણે પંખો કરતી હોય તેવી વિચિત્ર પતાકાઓ શોભતી હતી. તે ગઢની ઉપર સુવર્ણની ઘુઘરીઓના શબ્દોથી દિશાઓને ગજાવતો એક રત્નમય મહાધ્વજ શોભતો હતો. દરેક ગઢમાં જાણે સંપત્તિઓના પ્રવેશને માટે તૈયાર કર્યો હોય તેવા સુંદર કમાડવાળા ચાર ચાર દ્વારો પ્રકાશમાન રત્નોથી દીપતા હતા; તે દ્વારો ઉપર રચેલા ઈંદ્રમણિનાં તોરણો જાણે ગઢરૂપી તરૂણ પુરૂષોની દાઢી મૂછ હોય તેવાં શોભતાં હતાં. દરેક દ્વારે સ્ફુરણાયમાન ધૂપીઆમાં કરેલી ધૂપઘટીના ધુમાડાથી દિશાઓને વ્યાપ્ત કરતી તથા અંધકારનો નાશ કરતી મહાશાળાઓ શોભી રહી હતી. બહારના ગઢના દરેક દ્વારની પાસે દેવતાઓએ પ્રભુને નમવા આવનારાઓને સ્નાન કરવાને માટે સુવર્ણકમળોની શ્રેણીથી શોભતી અને સુંદર જલથી પૂર્ણ એવી વાપીકાઓ (વાવો) રચી હતી. પછી મધ્ય ગઢની અંદર ઈશાન દિશામાં પ્રભુને વિશ્રામ લેવા માટે એક દેવચ્છંદ રચ્યો. રત્નના ગઢના મધ્યમાં એક મણિમય પીઠ કરી અને તે પીઠ ઉપર સત્તાવીશ ધનુષ્ય ઉંચું એક ચૈત્યવૃક્ષ રચ્યું. એ ચૈત્યવૃક્ષનાં સુશોભિત પલ્લવો વડે આતપના ભયથી રહિત થઈને બેઠેલા લોકોને એ સમવસરણ પૂર્ણ રીતે શોભિત જણાવા લાગ્યું. તે ચૈત્યવૃક્ષની નીચે મણિઓથી સૂર્યના બિંબ જેવાં, પાદપીઠ અને અવષ્ટંભ સહિત, સુવર્ણનાં ચારે દિશાએ સિંહાસન રચ્યાં અને તે સિંહાસનની ઉપર સદ્‌ભક્તિવડે ઉજ્જવળ ચિત્તવાળા દેવતાઓએ ત્રણ ભુવનના પ્રભુપણાનો મહિમા પ્રગટ કરનારાં ત્રણ ત્રણ છત્રો બનાવ્યાં. સમવસરણની પાસે એક હજાર યોજન ઉંચો જાણે મોક્ષની નિઃસરણી હોય તેવો સુવર્ણનો ધર્મધ્વજ ચારે દિશાએ એકેક સ્થાપન કરવામાં આવ્યો. દરેક ગઢના દરેક દ્વાર આગળ તુંબરૂ વિગેરે દેવતાઓ દેદિપ્યમાન શૃંગાર ધારણ કરી અને હાથમાં છડી રાખી પ્રતિહાર થઈને ઉભા હહ્યા. એવી રીતે લક્ષ્મીને શરણરૂપ સમવસરણ રચી વ્યંતરેંદ્રોએ તે સંબંધી અવશેષ કાર્ય સમાપ્ત કર્યું.

તે પછી દેવતાઓએ સંચાર કરેલા સુવર્ણમય નવ કમળો ઉપર ચરણકમળને મુક્તા, નવતત્ત્વોના ઈશ્વર, નવનિધિના દાતાર, જગતનું જાણે જીવિત હોય અને ધર્મિઓનું જાણે સર્વસ્વ હોય, તેવા પ્રભુએ પૂર્વદ્વારથી સમવસરણમાં પ્રવેશ કર્યો. તે વખતે મોક્ષના અર્થિઓ પ્રભુને વાક્યો વડે સ્તવવા લાગ્યા, મનવડે ચિંતવવા લાગ્યા, શ્રવણોવડે સાંભળવા લાગ્યા અને કોટી નેત્રોવડે જોવા લાગ્યા. એ ધર્મચક્રી પ્રભુની આગળ સુવર્ણ કમળમાં રહેલું અને પાપરૂપ અંધકારમાં

સૂર્યમંડળરૂપ ધર્મચક્ર પ્રકટ થયું. પ્રભુએ ચૈત્યદ્રુમની પાસે આવી પ્રદક્ષિણા કરી એટલે જાણે તેને અભિમાન આવ્યું હોય તેમ તે (ચૈત્યદ્રુમ) નવપલ્લવ અને પુષ્પોથી વ્યાપ્ત થયું. પછી પૂર્વ દિશા તરફ આવી 'નમસ્તીર્થાય' એમ બોલી તત્વજ્ઞ પ્રભુ સિંહાસન ઉપર બીરાજમાન થયા. તરત જ બાકીની ત્રણ દિશાના સિંહાસન ઉપર વ્યંતર દેવોએ ભગવંતના ત્રણ રૂપ વિકુર્વ્યા. તે રૂપ પ્રભુના રૂપની જેવાં જ થયાં તે પ્રભાવ સ્વામીનો જ છે. પછી સાધુઓ, સાધ્વીઓ અન વૈમાનિક દેવીઓ પૂર્વદ્વારથી પેસી, રત્નગઢના મધ્યમાં રહેલા પ્રભુને પ્રદક્ષિણા કરી, ભક્તિપૂર્વક નમસ્કાર અને સ્તુતિ કરી, સ્વામીની સન્મુખ અગ્નિ દિશામાં બેઠી. તેમાં આગળ મુનિ બેઠા, તેમના પૃષ્ઠ ભાગમાં વૈમાનિક દેવતાની સ્ત્રીઓ ઉભી રહી અને તેની પાછળ તેવી જ રીતે સાધ્વીઓ પણ ઉભી રહી. ભવનપતિ, જ્યોતિષી અને વ્યંતરોની સ્ત્રીઓ દક્ષિણ દ્વારથી પ્રવેશ કરી પૂર્વવત્ પ્રભુને નમસ્કાર કરી અનુક્રમે નૈઋત દિશામાં બેઠી અને તે ત્રણે નિકાયના દેવો પશ્ચિમ દ્વારથી પ્રવેશ કરી તેવી જ રીતે નમી વાયવ્ય દિશામાં બેઠા. વૈમાનિક દેવ, નર અને નારીઓ ઉત્તર દ્વારથી પ્રવેશ કરી પ્રભુના ચરણન નમી ઈશાન દિશામાં બેઠા. મૃગ, સિંહ, અશ્વ અને મહિષ વિગેરે તિર્યંચો, અર્હંત દર્શનના માહાત્મ્યથી પરસ્પરના જાતિ વૈરને પણ છોડી દઇ બીજા ગઢના મધ્ય ભાગમાં રહ્યા અને દેવ અસુર તથા મનુષ્યોનાં વાહનો પ્રાંત (છેલ્લા) ગઢમાં રાખવામાં આવ્યાં; કારણ કે ભગવંતના મતમાં સમવસરણનો તેવો ક્રમ કહેલો છે.

એવીરીતે રચેલા સમવસરણમાં બીજાપણ સિદ્ધ, ગંધર્વ અને કિન્નરાદિ પ્રભુના વાક્યરૂપી અમૃતનું પાન કરવાને માટે ઉદ્યમવંત થઇ યથાસ્થાને આવીને બેઠા. તે યોજન પ્રમાણ સમવસરણમાં મનુષ્ય, નાગકુમારાદિ અસુરો અને બીજા દેવતાઓ કોટી ગમે સમાય છે તે પ્રભુનો જ મહિમા છે.

આવી રીતે સમવસરણના મધ્યમાં સિંહાસન પર બીરાજમાન થયેલા, ત્રણ છત્રોથી શોભતા, ચામરો વડે વીંજાતા, સર્વ અતિશયોથી પ્રકાશિત થયેલા, પોતાના પ્રસન્ન પ્રભાવથી ત્રણ જગતને પ્લાવિત કરતા, મધ્યસ્થ દ્રષ્ટિએ સર્વજનને અવલોકન કરતા, ત્રૈલોક્યના ઐશ્વર્યથી સુંદર, સર્વ પ્રાણીઓના હિતકારી અને પોતાના દિવ્યપ્રભાવના મહિમાથી આવૃત થયેલા શ્રી વીરપ્રભુને જોઇ સર્વ દેવતાઓ વચનથી કહી શકાય નહીં તેવા હર્ષને પ્રાપ્ત થયા. કોઇ દેવતાઓ પ્રભુની પાસે આવી મસ્તકો ધુણાવવા લાગ્યા, કોઇ ન્યુંછણાં ઉતારવા લાગ્યા અને કોઇ સ્તુતિ કરવા લાગ્યા. તેવામાં સૌરાષ્ટ્ર દેશનો અધિપતિ, ગિરિદુર્ગ (ગિરનાર)માં રાજ્ય કરતો ગાધિ રાજાનો પુત્ર રિપુમલ્લ નામે એક જાદવ રાજા પણ ત્યાં આવી યોગ્ય સ્થાને બેઠો. એવી રીતે પ્રભુના વચનરૂપી અમૃતનું પાન કરવાની ઇચ્છાવાળા, શ્રવણને જાગૃત કરી સર્વ લોક યથાસ્થાને બેઠા. તે વખતે સ્ફુરણાયમાન ભક્તિથી હર્ષનાં અશ્રુ જેના નેત્રોમાં આવેલાં છે એવો સાધર્મેન્દ્ર રોમાંચરૂપી કંચુકને ધારણ કરતો આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

"હે સ્વામિન્ ! હે જિનાધીશ ! હે દેવ ! હે જગત્પ્રભુ ! તમે જય પામો. હે ત્રૈલોક્યમાં તિલકરૂપ ! આ સંસારને તારનારા તમે જય પામો. હે દેવાધિદેવ ! પૂજવા યોગ્ય, કરૂણાના સાગર, અને સંસારીઓને શરણ કરવા લાયક એવા તમે કરૂણાકર પ્રભુ જય પામો. હે અર્હન્ ! જંગમ (ચાલતું) કલ્પવૃક્ષરૂપ, પરમેશ્વર, પરમેષ્ટી, અનંત, અવ્યક્ત અને નિરંજન એવા તમે જયવંત વર્તો. હે સિધ્ધ ! સ્વયંબુદ્ધ, સર્વ તત્ત્વના સમુદ્ર, સર્વ સુખના આગાર, અને મહેશ્વર એવા હે નાથ ! તમે જયવંત વર્તો. હે પ્રભુ ! તમે અનાદિ, અનંત અને અવ્યક્ત સ્વરૂપને ધારણ કરનારા છો. સુર અસુર અને મનુષ્યોના સ્વામીઓ તમને જ નમસ્કાર કરે છે. હે જગત્પતિ ! તમારાથી આ જગતને અમે ધન્ય માનીએ છીએ. કારણ કે અન્ય દર્શનીઓના કુતર્કોથી તમે અભેદ્ય છો. હે ઇશ્વર ! તમારાથી અમે મોક્ષસુખના આનંદની સ્પૃહા રાખીએ છીએ. હે નાથ ! તમારા અતલ માહાત્મ્યને દેવતા પણ જાણી શકતા નથી. હે સર્વ તત્ત્વને જાણનારા પ્રભુ ! જે પરબ્રહ્મ છે તે પણ ફક્ત તમારે વિષે જ પ્રાપ્ત થાય છે; તેથી હે ભગવન્ ! વિદ્વાન લોકો, મુક્તિ સર્વદા તમારે જ આધીન છે એમ કહે છે. હે ઇશ્વર ! આ જગતનો ઉદ્ધાર કરવાને માટે તમે મનુષ્યસ્વરૂપને પામ્યા છો; નહીં તો મખવંધ્યા જેવી આ સૃષ્ટિ, અસૃષ્ટિ સમાન થઇ જાત.

હે દયાળુ ! બીજા સર્વ દેવોમાં તમારા અંશ વડે કરીને જ દેવપણું ગણાય છે; કારણ કે બીજા મતના વિદ્વાનો પણ વીતરાગપણામાં જ મુક્તિ માને છે. હે જગત્પૂજ્ય ! નિશ્ચયથી તમે જ પરમેશ્વર છો કેમ કે રાગદ્વેષ વડે ભરેલા બીજા દેવોમાં તત્ત્વથી દેવપણાનો યોગ્યતા ઘટતી જ નથી. હે નાથ ! ભાગ્યહીન લોકો અન્ય દેવની પેઠે તમને જોઇ શકતા નથી; કેમ કે પૃથ્વીમાં બીજાં રત્નોની પેઠે ચિંતામણિરત્ન સુલભ હોતું નથી. હે વિભુ ! જેવી વિશ્વને આશ્ચર્ય કરનારી પ્રભાવની સમૃદ્ધિ તમારામાં છે તેવી બીજા દેવોમાં રહેલી નથી; કારણ કે નક્ષત્રોમાં સૂર્યની કાંતિ ક્યાંથી હોય ? હે દેવાધિદેવ ! જ્યાં તમે સંચરો છો તે પૃથ્વીમાં સવાસો યોજન સુધી સાત પ્રકારની ઇતિઓ (અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ઉંદરનો ઉપદ્રવ, કીડાનો ઉપદ્રવ, સુડાનો ઉપદ્રવ, સ્વચક્રનો ભય અને પરચક્રનો ભય એ સાત ઇતિઓ-ઉત્પાત ગણાય છે) પણ ઉત્પન્ન થતી નથી, અહો મહાત્માઓનો કેવો મહિમા છે ! હે ભગવન ! યોગીઓને ધ્યાન કરવાને યોગ્ય એવા જ્યોતિરૂપ તમે જ છો અને અષ્ટકર્મના નાશને માટે તમે જ અષ્ટાંગયોગ કરેલો છે. સ્વામીઓના પણ સ્વામી, ગુરૂઓના પણ ગુરૂ અને દેવોના પણ દેવ એવા તમને નમસ્કાર કરૂં છું. હે પ્રભુ ! જલમાં, અગ્નિમાં, અરણ્યમાં, શત્રુઓના સંકટમાં, તેમ જ સિંહ, સર્પ અને રોગની વિપત્તિમાં તમે જ એક શરણભૂત છો.''

એવી રીતે ભક્તિથી જિનેંદ્રની સ્તુતિ કરીને દેવતાનો પતિ ઇંદ્ર જલનું પાન કરવાને ચાતક તત્પર થાય તેની પેઠે પ્રભુની વાણીનું પાન કરવાને આગળ બેઠો. તે પછી ત્રણ જગતના સ્વામી સર્વ જગતના હર્ષને અર્થે સવ ભાષામાં સમાન અર્થને પ્રરૂપનારી, સર્વ પ્રાણીઓને હિતકારી, સર્વ અતિશયોથી ભરેલી, સર્વ તત્ત્વોથી સુંદર, યથાર્થ, સૌભાગ્યવાળી, શાંત અને યોજન સુધી પ્રસાર પામતી મધુર વાણી વડે દેશના આપવા લાગ્યા. ''હે જનો ! જેમ કસ્તુરી મૃગની નાભિમાંથી થાય છે પણ તે પોતાના સુગંધના ગુણે અમૂલ્યપણાને પામે છે તેમ આ કૃત્રિમ અને અશુચિ એવો મનુષ્યદેહ ધર્મના ગુણથી ઉત્તમપણાને પામે છે. આ કાયામાં સાત ધાતુરૂપ મળ બાહેર અને અંદર રહેલા છે, તેને લીધે અશુચિ એવી આ કાયા સર્વથા નિરર્થક છે. તેમ છતાં અહો ! મૂઢ પ્રાણી, અહંકાર અને પ્રૌઢ કર્મને વશ થઇ પોતાના આત્માને અજરામર માની ઇચ્છા પ્રમાણે વર્તે છે. નાના પ્રકારનાં શસ્ત્રો, જલ, અગ્નિ, બે પ્રકારનું વિષ, (સ્થાવરવિષ-અફીણ, સોમેલ, વચ્છનાગાદિ, જંગમવિષ-સર્પાદિ ઝેરી પ્રાણી સંબંધી) શત્રુઓ, તીવ્ર વ્યાધિઓ, અકાલમૃત્યુ, શીત તથા ગરમી વિગેરેની પીડા, જરાવસ્થા અને ઇષ્ટ-મિત્રાદિકની વિપત્તિ, ઇત્યાદિક મહાદોષ વડે આ કાયા અત્યંત કલેશ પામે છે. હે પ્રાણીઓ ! એવી રીતે આ અસાર દેહ પામીને જગતમાં સાર અને પૂજવા યોગ્ય એવા ધર્મને સત્વર સંપાદન કરો. અમૂલ્ય ચિંતામણિરત્ન જો કાચના સંચયથી પ્રાપ્ત થતું હોય, રજવડે કરીને જો સુવર્ણ મળતું હોય, જલના બિંદુથી જો સુધાસાગર પ્રાપ્ત થતો હોય, ગૃહથી જો સામ્રાજ્ય મળતું હોય અને દેહવડે જો સુકૃત સંપાદન થતું હોય તો તત્ત્વાતત્ત્વનો વિચાર કરી શકનારો કયો પુરૂષ ન ગ્રહણ કરે ? માતા, પિતા, ભ્રાતા, મિત્ર અને રાજા તેઓમાંનુ કોઇ ધર્મ વિના રક્ષણ કરતું નથી અને ધર્મ રક્ષણ કરે છે; તેથી જગતમાં તેજ સેવવાને યોગ્ય છે. આ જગતમાં સદ્ધર્મ મેળવવાના ઉપાયોથી ઉચિત આચરણોથી અને સદ્‌જ્ઞાનયુક્ત ક્રિયાથી બુદ્ધિવંતનો જન્મ પ્રશંસનીયપણાને પામે છે. ખરેખર એક ધર્મ જ પ્રગટપણે જગત્પતિની પદવીને યોગ્ય છે કારણ કે તેની આજ્ઞાને અનુસરનારા લોકો ત્રણ લોકના નાયક થાય છે. હે ભવ્યો ! રાજા વિગેરેની સેવાથી આત્માને વૃથા દુઃખ શા માટે આપો છો ? તેજ રાજાને જે રાજાપણું આપનાર છે તે ધર્મની સેવા કરો. કોઇ ઠેકાણે ધર્મ વિના કાંઇ પણ મેળવી શકાતું નથી. વિચારો કે કેટલાએક દુઃખ સહન કરે છે અને કેટલાએક સારા ભોગ ભોગવે છે તો ત્યાં ધર્મનું જ પ્રમાણ છે.''

હે પ્રાણીઓ ! કોઇ વખતે પણ તમે રાગાદિકને વશ થશો નહીં; કારણ કે રાગાદિક થોડુંક સુખ કરી (દેખાડી) અંતે નરકાદિમાં નાખે છે. હું ધારૂં છું કે, બીજા કોઇ નહીં પણ વિષય એ જ ખરેખરા શત્રુઓ છે કે જેઓ પ્રથમ આરંભમાં રમ્ય જણાય છે અને અંતે સર્વનો ઘાત કરે છે. જેઓની પાસે ધર્મરૂપી સૂર્ય તીવ્રકાંતિએ પ્રકાશતો નથી તેઓની તરફ એ વિષયો અંધકારની પેઠે અનિવારિતપણે પ્રવર્તે છે. પ્રમાદરૂપ પડળથી જેઓનાં ભાવનેત્ર (જ્ઞાનરૂપી નેત્ર) નાશ પામ્યાં છે એવા પ્રાણીઓ કુમાર્ગે ચાલી દુઃખરૂપ હિંસક પ્રાણીઓથી ભરેલા નરકરૂપી અરણ્યમાં પડે છે. પૃથ્વી ઉપર સૂર્ય અને ચંદ્રના દર્શન

વડે પ્રત્યક્ષપણે ધર્મારાધન વડે વાંચ્છિત સુખનો લાભ દેખાતાં છતાં પણ ધર્મનું ઉજ્વળ અને પ્રત્યક્ષ માહાત્મ્ય આ પ્રાણી જાણતાં છતાં જાણતો નથી. દિવસ ને રાત્રિ, સુખ ને દુઃખ, તેમજ જાગ્રત ને નિદ્રાવસ્થા જોવાથી પુણ્ય પાપનું ફળ પ્રત્યક્ષ જણાય છે. જે ક્ષુદ્ર એવા રાક્ષસ, સિંહ અને સર્પાદિક પણ પણ્યવાન્ પ્રાણીને ઇજા કરવા જરાપણ સમર્થ થઇ શકતા નથી, એજ ધર્મનું પ્રત્યક્ષ માહાત્મ્ય, સર્વત્ર સ્ફુરણાયમાન છે. માટે ધર્મનો દ્રોહ કરનાર બલવાન્ પ્રમાદ સર્વથા છોડી દેવો, કારણ કે જ્યારે તેનાથી ધર્મ હણાય છે ત્યારે દેહમાં વ્યાધિ અને બંધાદિ વિપત્તિઓ ઉત્પન્ન થાય છે. હે પ્રાણીઓ ! આવી રીતે ચિત્તમાં પુણ્યપાપનું ફળ વિચારીને જેનાથી કલ્યાણની સિદ્ધિ થાય છે એવા તે ધર્મને ભજો.

એવી રીતે ધર્મરૂપી અમૃતને ઝરનારા જગદ્‌ગુરૂના વચનનું પાન કરી શ્રોતા લોકો અખંડિત હર્ષને પ્રાપ્ત થયા. તે વખતે સર્વ સભાના લોકો અમૃતથી જાણે તૃપ્ત થયા હોય, ચાંદનીથી જાણે વ્યાપ્ત થયા હોય, અને નિધાનલબ્ધિથી જાણે સંપન્ન થયા હોય તેવા દેખાવા લાગ્યા. કોઇ સંયમને ગ્રહણ કરવા લાગ્યા, કોઇ સમકિતને પ્રાપ્ત થયા, અને કોઇ હર્ષથી ભદ્રક ભાવ વડે યુક્ત થયા. સદા પુણ્યકર્મમાં પ્રવૃત્ત એવો સૌધર્મેન્દ્ર ભક્તિયુક્ત થઇ શત્રુંજય તીર્થને, ત્યાં પધારેલા પ્રભુને, ત્રણ જગત્‌ના જનાએ પૂજીત એવી યુગાદિ જિનની પ્રતિમાને, ઝરતા દૂધવાળી રાજાદની (રાયણ)ને, તેની નીચે રહેલી પ્રભુની પાદુકાને, તેમજ નદીઓ, સરોવરો, કુંડો, પર્વતો, વૃક્ષો, વનો, નગરો અને ઉંચાં શિખરોને જોઇ તથા ભગવંતના ચરણને નમસ્કાર કરી હર્ષના ઉત્કર્શને પ્રાપ્ત થયો. પછી રોમાચંરૂપી કંચુકન ધારણ કરી, બન્ને હાથ જોડી, સભાને હર્ષ કરનારી અને પ્રસસ્તિરૂપ ગુણે ગર્ભિત એવી અમૃતમય વાણીથી જગત્પતિ પ્રત્યે પૂછવા લાગ્યો.

"હે જગતના આધારભૂત ભગવાન્ ! આ જગત્‌માં તીર્થરૂપતો તમે જ છો અને તમારાથી અધિષ્ઠિત એવું આ તીર્થ વિશેષપણે પવિત્ર ગણાય છે. હે પ્રભુ ! આ તીર્થમાં શું દાન અપાય છે ? શું તપ કરાય છે ? શું વ્રત તથા જપ કરાય છે ? અને અહીં શું શું સિદ્ધિઓ થાય છે ? અહીં શું ફળ મેળવાય છે ? શું ધ્યાન કરવાને યોગ્ય છે ? અને શું સુકૃત પ્રાપ્ત થાય છે ? આ પર્વત ક્યારે થયો છે ? શા માટે થયો છે અને તેની સ્થિતિ કેટલી છે ? આ નવીન પ્રાસાદ કયા ઉત્તમ પુરૂષે કરાવેલો છે ? અને તેમાં રહેલી આ ચંદ્રની જ્યોત્સ્ના જેવી સુંદર પ્રતિમા કોણે નિર્માણ કરી છે ? આ પ્રભુની પાસે દ્વાર ઉપર ખડ્‌ગ ધારણ કરીને કયા બે દેવ રહેલા છે ? તેમના વામ અને દક્ષિણ પડખે બે મૂર્તિ કોની છે ? બીજા આ દેવતા કયા છે ? આ રાજાદની (રાયણ)નું વૃક્ષ કેમ રહેલું છે ? તેની નીચે રહેલી બે પાદુકા કોની છે ? આ કયા મયૂરપક્ષીની પ્રતિમા છે ? આ કયો યક્ષ અહીં રહે છે ? આ કઇ દેવી વિલાસ કરી રહી છે ? આ કોણ મુનિઓ અહીં રહેલા છે ? આ કઇ કઇ નદીઓ છે ? આ કયા કયા વનો છે ? આ સુંદર ફળવાળાં શેનાં વૃક્ષો છે ? આ કયા મનિનું સરોવર છે ? આ બીજા કુંડો કોના કોના છે ? આ રસકૂપી, રત્નની ખાણ અને ગુફાઓનો શો પ્રભાવ છે ? હે સ્વામિન્ ! આ લેપથી રચેલા સ્ત્રીસહિત પાંચ પુરૂષો કોણ છે ? આ ઋષભદેવના અસાધારણ ગુણ ગાય છે ? આ દક્ષિણ દિશામાં રહેલો કયો ગિરિ છે ? અને તેનો શું પ્રભાવ છે ? આ ચારે દિશામાં રહેલાં શિખરો અને નગરો ક્યાં ક્યાં છે ? હે નાથ ! અહીં સમુદ્ર શી રીતે આવ્યો હશે ? અહીં કયા કયા ઉત્તમ પુરૂષો થઇ ગયા છે ? અહીં કેટલા કાળ સુધી પ્રાણી સિદ્ધિપદને પામશે ? આ પર્વતનું શું સ્વરૂપ છે ? અને અહીં સદ્‌બુદ્ધિવાળા પુરૂષોથી કેટલા ઉદ્ધાર થશે ? હે સ્વામી ! આ સર્વ પ્રશ્નોના ઉત્તર આપ કૃપા કરીને કહો, કારણ કે જગત્‌ને પૂજ્ય એવા પુરૂષો આશ્રિત ભક્તો ઉપર સ્વયમેવ વાત્સલ્યકારી હોય છે."

આવી રીતે શ્રી વીરપ્રભુ, સૌધર્મેંદ્રના મુખકમળથી સાંભળીને, તીર્થના પ્રભાવની વૃદ્ધિને અર્થે, ભવ્ય જીવોને બોધ થવાને અર્થે અને શ્રોતાજનોના પાપનો નાશ કરવાને અર્થે ગંભીરવાણીથી વિસ્તાર કે સંક્ષેપ વિના તીર્થનું માહાત્મ્ય કહેવા લાગ્યા.

(આ આખું ચરિત્ર વીરપરમાત્માના મુખથી કહેવાય છ અને તેના સારરૂપ ગ્રંથ કર્તાએ લખેલું છે.) હે સુરરાજ ! સર્વ તીર્થોના અધિરાજ આ શત્રુંજયગિરિનું માહાત્મ્ય, કહેનાર અને સાંભળનાર બન્નેને પુણ્યને અર્થે થાય છે તે તું સ્ફુટ રીતે સાંભળ.

સંપૂર્ણચંદ્રના જેવો વર્તુલ અને લાખ યોજનના વિસ્તારવાળો આ જંબૂદ્વીપ નામને દ્વીપ છે, તે અનુપમ લક્ષ્મી વડે શોભી રહેલો છે. તેમાં આવેલું શાશ્વત જંબુ વૃક્ષ "મારી શાખાઓની ઉપર જિન ચૈત્યો રહેલાં છે" એવા હર્ષથી પોતાના પલ્લવો વડે નિરંતર નૃત્ય કરી રહેલું છે. તે દ્વીપમાં ભરત, હેમવંત, હરિવર્ષ, વિદેહ, રમ્યક, હિરણ્યવંત અને ઐરવત નામે સાત ક્ષેત્રો છે અને તે ક્ષેત્રોના અંતરમાં આવેલા હિમવાન્, મહાહિમવાન્, નિષદ, નીલવાન્, રૂપી અને શિખરી નામના છ વર્ષધર પર્વતો છે. તે પર્વતો પૂર્વે અને પશ્ચિમે લવણસમુદ્રપર્યંત લાંબા તથા શાશ્વત ચૈત્યોથી મંડિત છે. મહાવિદેહ ક્ષેત્રના મધ્યમાં લાખો શિખરોથી અલંકૃત એવો સુવર્ણનો મેરૂગિરિ આવેલો છે. તે પૃથ્વીના નાભિસ્થાનમાં રહેલો છે, એક લાખ યોજન ઉંચો છે, વનની શ્રેણીથી વિરાજીત છે અને શાશ્વત ચૈત્યો, ચૂળિકાઓ તથા ચળકતા રત્નોનાં કિરણોથી તે ઘણો સુંદર લાગે છે.

એ સર્વ ખંડોમાં આ ભરતખંડને અમે પુણ્યથી ભરેલો માનીએ છીએ. કારણ કે જેમાં દુઃષમ કાળ પ્રવર્તતાં છતા પણ પ્રાણીઓ પુણ્યવંત થાય છે. તે ખંડમાં દુર્નીતિને ત્રાસ કરનાર, સાત ઈતિ વિનાનો, પ્રીતિવંત પ્રજાવાળો અને સર્વ દેશોમાં મુખ્ય એવો સુરાષ્ટ્ર (સોરઠ) (સૌરાષ્ટ્રને હાલ કાઠિયાવાડ કહેવામાં આવે છે) નામે આ દેશ છે. જે દેશમાં અલ્પજળથી ધાન્ય પેદા થાય છે, અલ્પપુણ્યથી સત્ફલ પ્રાપ્ત થાય છે અને અલ્પ પ્રયત્નથી કષાયનો નાશ થાય છે. જ્યાં આવેલા સર્વ જલાશયોનાં જલ નિર્દોષ છે, પર્વતો પવિત્ર છે અને પૃથ્વી સદા રસાઢ્ય તથા સર્વ ધાતુમય છે. સ્થાને સ્થાને સર્વ પાપને હરનારાં તીર્થો, પવિત્ર જલવાળી નદીઓ અને પ્રભાવમય દ્રહો છે. પ્રફુલ્લિત અને સુગંધી કમળવાળાં સરોવરો તથા શીતળ અને ઉષ્ણ જળથી મંડિત એવા કુંડો જ્યાં આવેલા છે. પગલે પગલે નિધાનો છે. પર્વતે પર્વતે મહાપ્રભાવિક ઔષધિઓ છે. તથા સદા ફળે તેવાં વૃક્ષો રહેલા છે. જ્યાં જાણે પૂર્વ વાવ્યું હોય તેમ સ્વયમેવ ધાન્ય પેદા થાય છે અને તીર્થસ્થાનના ફળને આપનારી પવિત્ર મૃત્તિકા છે. જ્યાં આદિનાથના પૂજનને માટે વજ્ર, વૈડૂર્ય, તથા સૂર્યકાંતાદિ રત્ન તથા મોતિ અને ઇંદ્રમણીઓ સ્વયમેવ ઉત્પન્ન થાય છે. જ્યાં રત્નાકર (સમુદ્ર) જાણે એ દેશના ગુણોને વેરતો હોય તેમ રત્નોને વેરતો, પ્રભુની ભક્તિમાં તત્પરપણે ગર્જના કરતો પોતાના ઉર્મિરૂપી હસ્તો વડે નૃત્ય કરી રહ્યો છે; અને "સગરરાજા અહીં મને તીર્થરક્ષા કરવા લાવ્યા છે" એમ માની પોતાના ઉજ્વળ ફીણથી જાણે હાસ્ય કરતો હોય તેમ જણાય છે. જે સૌરાષ્ટ્ર દેશમાં દેવતાઓએ અર્ચિત ચોવીશ તીર્થંકરો વિચર્યા છે અને ચક્રવર્તી, વાસુદેવ તથા બળદેવ વિગેરે ઉત્તમ પુરૂષો આવી ગયેલા છે. જ્યાં અનંત મુનિઓ સિદ્ધિપદ પામ્યા છે અને પામશે, જ્યાં ધર્મધુરંધર સંઘવીઓ ઉત્પન્ન થયેલા છે, જ્યાં કૃષ્ણાદિક વીર પુરૂષોએ શત્રુઓનો સંહાર કરી ઉદય મેળવ્યો છે, જ્યાં ઘણા રાજાઓ નીતિમાં નિપુણ, પ્રજાના પાલનથી કીર્તિ મેળવનારા, શત્રુઓનો નાશ કરનારા, દાન દેનારા, સુકૃતવંત અને સમદ્રષ્ટિવાળા થઇ ગયા છે; જ્યાં નિરંતર સરલતાવાળા, પ્રસન્નમુખવાળા, વિચક્ષણ, સંતોષી, સદા હર્ષવંત, નિંદા અને ઈર્ષ્યા રહિત, પોતાની સ્ત્રીમાં સંતોષી, પરસ્ત્રીમાં પરાઙ્મુખ, સત્યવચન બોલનારા, સુકૃત કરનારા, દ્રોહબુદ્ધિ રહિત, શાંત, વૈરવિનાના, માયા અને લોભને તજનારા, ઉદાર, શુદ્ધ આચારવાળા, અન સુખી લોકો વસે છે; જ્યાં સ્ત્રીઓ શીલગુણ વડે ઉત્તમ, પતિભક્તિમાં પરાયણ, હસતા મુખવાળી, રૂપવંત, પરિવારમાં પ્રીતિવંત, ગુરૂજનની ભક્તિ કરનારી, પોતાના સ્વામી પર આસક્ત, સારા ભાગ્યવાળી, તેજસ્વી, ઘણા પુત્રવાળી, લજ્જાયુક્ત, કમળના જેવા લોચનવાળી, કૌતુકી, થોડા ક્રોધવાળી, સારો વષ્ રાખનારી, મુગ્ધ બુદ્ધિવાળી (ભોળી), મધુરવાણી બોલનારી, અતિ ગંભીર અને ગુણીજનમાં પ્રીતિ રાખનારી છે; જ્યાં પુત્રો માતાના ભક્ત, પિતાના આજ્ઞાકારી, કળામાં કુશળ, શાંત અને સુશીલ છે; જ્યાં સેવકજનો સ્વામિભક્ત, કામ વખતે હાજર રહેનારા, શૂરવીર, થોડામાં સંતોષ માનનારા, અનુરક્ત, પ્રિયકરનારા, હૃદયના આશયને જાણનારા, સભાને

લાયક, સુંદર વાણી બોલનારા, ઘણા સ્નેહવાળા અને પોતાના સ્વામીના દ્વેષી ઉપર દ્વેષ રાખનારા તેમજ તેના પ્રિયની ઉપર પ્રીતિ રાખનારા છે; જ્યાં ક્ષત્રિયો આસ્તિક, ઉચિત સાચવવામાં ચતુર, ક્ષમા અને દાક્ષિણ્યતાથી શોભતા, ષટ્દર્શનમાં સમાન રીત વર્તનારા, સેવા કરવાને યોગ્ય અને પરાક્રમી છે; જ્યાં ગાયો અને મહિષીઓ પુષ્ટ, ઘણા દૂધવાળી, બલવાન હોવાથી ન ચોરી શકાય તેવી અને સુંદર શીંગડાવાળી, બંધનરહિત ફરે છે; જ્યાં ચપળ અને કદાવર ઘોડાઓ, મોટી સ્કંધવાળા વૃષભો, અને સંગ્રામરૂપી સમુદ્રના દ્વીપ (બેટ) જેવા ગજેંદ્રો શાભી રહેલા છે; જ્યાં બીજા પણ તિર્યંચો મહાબલવંત, પરજાતિ ઉપર મત્સરરહિત, ક્રૂરતા વિનાના અને નિર્ભય થઈને રહેલા છે; હે ઈંદ્ર ! જે દેશમાં મોટા કિલ્લાથી શોભતાં ઉંચાં શહેરો આવેલાં છે કે જેઓ અર્હંતના ચૈત્યો ઉપર રહેલી ચલાયમાન ધ્વજાઓથી જાણે સ્વર્ગના નગરની સાથે મળી જતાં હોય અમ જણાય છે; જૈન સાધુઓના મુખકમળમાંથી નીકળતા સિદ્ધાંતસારથી જેઓનાં પાપ લય થઇ ગયાં છે એવા પુણ્યવાન અને ધનાઢ્ય લોકો જે નગરોમાં વસે છે; વળી જે દેશમાં નગરો ઉંચા મહેલોથી સુંદર તથા અખિલ વસ્તુથી ભરેલાં છે અને જ્યાં યાચકોના સમૂહ કૃતકૃત્ય થયેલા છે તે સૌરાષ્ટ દેશના મુગટરૂપ આ શત્રુંજય પર્વત છે.

સ્મરણમાત્રથી પણ તે ઘણા પાપનો નાશ કરનાર છે. હે ઈંદ્ર ! કેવળજ્ઞાન વડે જ આ ગિરિનું સર્વ માહાત્મ્ય જાણી શકાય છે, પણ તે સર્વ કેવળીથી પણ કહી શકાતું નથી; તથાપિ તમારા પૂછવાથી હું સંક્ષેપમાત્ર કહું છું. કારણ કે જાણ્યા પછી કહેવાની શક્તિ હોય તે પ્રમાણે પણ ન કહેતાં જો મૌન રહે છે તો તે મુંગા માણસે રસનો સ્વાદ લીધા જેવું થાય છે. ત્રણ લોકના ઐશ્વર્યના ધામરૂપ આ ગિરિરાજના નામમાત્રથી પણ, જેમ પાર્શ્વનાથના નામથી સર્પનું વિષ ઉતરી જાય છે, તેમ પાપમાત્ર નાશ પામે છે. શત્રુંજય, પુંડરીક, સિદ્ધિક્ષેત્ર, મહાચળ, સુરશૈલ, વિમળાદ્રિ, પુણ્યરાશિ, શ્રેયઃપદ, પર્વતેંદ્ર, સુભદ્ર, દ્રઢશક્તિ, અકર્મક, મુક્તિગેહ, મહાતીર્થ, શાશ્વત, સર્વકામદ, પુષ્પદંત, મહાપદ્મ, પૃથ્વીપીઠ, પ્રભોઃપદ, પાતાળમૂળ, કૈલાસ અને ક્ષિતિમંડળમંડન, ઈત્યાદિ અતિ સુખદાયક એવાં એકસો ને આઠ નામ આ તીર્થનાં છે. (તે નામો સુધર્મા ગણધરે રચેલા મહાકલ્પસૂત્રમાંથી જાણી લેવાં.) આ નામ જે પ્રાતઃકાળમાં બોલે વા સાંભળે તેને સંપત્તિ પ્રાપ્ત થાય છે અને વિપત્તિ ક્ષય પામે છે. આ સિદ્ધાદિ, સર્વ તીર્થોમાં ઉત્તમ તીર્થ છે, સર્વ પર્વતોમાં ઉત્તમ પર્વત છે, અને સર્વ ક્ષેત્રોમાં ઉત્તમ ક્ષેત્ર છે. હે ઈંદ્ર ! યુગની આદિમાં મોક્ષદાયક પ્રથમ તોર્થ આ શત્રુંજય હતું, બીજાં તીર્થો તેની પછી થયેલાં છે. હે સુરેશ્વર ! આ ગિરિરાજનાં દર્શન થવાથી, પૃથ્વીમાં જે પવિત્ર તીર્થો રહેલાં છે તે સર્વેનાં દર્શન કરેલાં ગણાય છે. પન્નર કર્મભૂમિમાં નાનાપ્રકારનાં અનેક તીર્થો છે પણ તેઓમાં આ શત્રુંજય સમાન પાપનાશક કોઇ તીર્થ નથી. બીજા પુર, ઉદ્યાન કે પર્વતાદિક કૃત્રિમ તીર્થોમાં જપ, તપ, નિયમ, દાન અને સ્વાધ્યાય કરવાથી જે પુણ્ય ઉપાર્જન થાય છે તેથી દશગણું જૈન તીર્થોમાં તે તે કાર્યો કરવાથી થાય છે. સોગણું જંબૂવૃક્ષ પર રહેલા ચૈત્યોમાં થાય છે, સહસ્રગણું શાશ્વત એવા ઘાતકીવૃક્ષ ઉપરના ચૈત્યોમાં થાય છે, દશ હજારગણું પુષ્કરવર દ્વીપના ચૈત્યોમાં, રૂચકાદ્રિમાં અને અંજનગિરિમાં થાય છે; લાખગણું નંદીશ્વર, કુંડલાદ્રિ, અને માનુષોત્તર પર્વતમાં થાય છે, દસ લાખગણું વૈભારગિરિ, સંમેતશિખર, વૈતાઢ્ય તથા મેરૂપર્વતે થાય છે અને રૈવતાચળ (ગિરનાર) તથા અષ્ટાપદ પર્વતે ક્રોડગણું ફળ થા છે. તેમજ તેનાથી અનંતગણું પુણ્ય શત્રુંજયના દર્શનમાત્રથી થાય છે અને હે ઈંદ્ર ! તેની સેવાથી જે ફળ થાય છે તે તો વચનથી કહી શકાય તેમજ નથી.

આ સિદ્ધગિરિ પહેલા આરામાં એંશી યોજનમાં વિસ્તાર પામેલો હોય છે. બીજા આરામાં સિત્તેર યોજન, ત્રીજા આરામાં સાઠ યોજન, ચોથામાં પચાશ યોજન, પાંચમા આરામાં બાર યોજન અને છઠા આરામાં સાત હાથ જેટલા પ્રમાણવાલો રહે છે. તથાપિ એનો પ્રભાવ તો મોટોજ રહે છે. એ ઉત્તમ તીર્થનું પ્રમાણ અવસર્પિણી કાળમાં ઘટતું જાય છે અને ઉત્સર્પિણી કાળમાં તેજ પ્રમાણે પાછું વધતું જાય છે; પરંતુ તેના મહિમાની તો કદાપિ પણ હાનિ વૃદ્ધિ થતી નથી. જ્યારે યુગાદીશ પ્રભુ તપ કરતા હતા ત્યારે ત્રીજા આરાને છેડે આ ગિરિ મૂળમાં પચાસ યોજન વિસ્તારવાળો, ઉપર દશ યોજન વિસ્તારવાળો અને ઉંચાઇમાં આઠ યોજન હતો. છઠા આરાને અંતે ભરતક્ષેત્રાશ્રયી પ્રલયકાલમાં બીજા પર્વતોની પેઠે આ ગિરિનો ક્ષય થતો નથી, તેથી એનો આશ્રય કરીને રહેલા લોકો અક્ષયસુખ મેળવે છે. શત્રુંજય, રૈવતગિરિ, સિદ્ધક્ષેત્ર,

સુતીર્થરાજ, ઢંક, કપર્દી, લૌહિત્ય, તાળધ્વજ, કદંબગિરિ, બાહુબળિ, મરૂદેવ, સહસ્ત્રાખ્ય, ભગીરથ, અષ્ટોત્તરશતકૂટ, નગેશ, શતપત્રક, સિદ્ધિરાટ્, સહસ્રપત્ર, પુણ્યરાશિ, સુરપ્રિય અને કામદાયી એવા નામનાં એકવીશ મખ્ય શિખરો આ ગિરિરાજનાં કહેવાય છે. તે પ્રત્યેકનો જો મહિમા કહેવા બેસીએ તો અનેક વર્ષો ચાલ્યાં જાય, તેથી તેઓમાં જેઓ પ્રગટરૂપ છે તેઓનો કાંઇ કાંઇ મહિમા કહું છું.

તે સર્વમાં મુખ્યશિખર શત્રુંજય અને સિદ્ધિક્ષેત્ર છે. તેની ઉપર ચડનારા પ્રાણીઓ યત્નશિવાય લોકાગ્ર ઉપર જ ચડે છે. હે ઇંદ્ર ! હું ધારૂં છું કે મેરૂ વિગેરેથી પણ આ ગિરિ ગુણો વડે મોટો છે. કારણ કે તેની ઉપર ચઢેલા પુરુષો જાણે હસ્તગત હોય તેમ સિદ્ધિને મેળવે છે. મેરૂ, સમેતશિખર, વૈભારગિરિ, રૂચકાદ્રિ, અને અષ્ટાપદ વિગેરે સર્વે તીર્થો આ શત્રુંજય ગિરિમાં સમાય છે. ત્રણ ભુવનમાં જેટલા ઇંદ્રાદિક દેવતા અને દેવીઓ છે તે સર્વે સદ્‌ગતિની ઇચ્છાથી આ તીર્થરાજની સદા સેવા કરે છે. જે તીર્થના સ્મરણથી પોતાના સ્થાનમાં રહેલા પ્રાણીઓ પણ યાત્રાના ફળને મેળવે છે, તેવા સર્વ તીર્થમય આ તીર્થરાજને નમસ્કાર થાઓ.

શુદ્ધબુદ્ધિવાળો પ્રાણી બીજા તીર્થમાં ક્રોડ પૂર્વ પર્યંત શુભધ્યાન કરવાથી જે સત્કર્મ બાંધે છે, તેટલું સત્કર્મ અહીં એક મુહૂર્તમાત્ર શુભધ્યાન કરવાથી બંધાય છે. જેણે શત્રુંજયગિરિનું સ્મરણ કર્યું તેણે સર્વ તીર્થો, સર્વ ધાર્મિક પર્વો અને અનેક પ્રકારનાં તપ તથા દાનધર્મ નિત્ય આરાધ્યાં છે એમ જાણી લેવું. હે ઇંદ્ર ! ત્રણ જગતમાં આના જેવું બીજું પરમ તીર્થ નથી કે જેનું એકવાર ફક્ત નામ સાંભળ્યું હોય તો પણ પાપનો ક્ષય થાય છે. સ્પર્શ કરવાથી પણ મુક્તિને આપનારા આ પચાશ યોજન વિસ્તારવાળા ક્ષેત્રમાં સ્મરણમાત્ર વડે ઇત્યાદિક દોષોને હરનારૂં આ મુખ્ય શિખર છે. જેણે મનુષ્યજન્મ પામ્યા છતાં અને સદ્‌ગુરૂ પાસેથી સમ્યક્ત્વને સંપાદન કર્યા છતાં પણ જો આ તીર્થને પૂજ્યું નહીં તો તેનું તે સર્વ વૃથા છે. જયાંસુધી આ શત્રુંજય તીર્થ પૂજ્યું નથી ત્યાં સુધી જ તેને ગર્ભાવાસ છે તથા તેનાથી ધર્મ દૂર રહે છે. પ્રભુના ચરણતળમાં વૃષભના લાંછનરૂપે ધર્મ રહેલો છે તે આહીં (શત્રુંજય) આવેલા પુરુષને દેખીને તેને ઘણા ભાવથી ભજે છે. હે મૂઢ પ્રાણી ! ''ધર્મ ધર્મ'' એવું મુખે સ્મરણ કરતો તું શા માટે ભમ્યા કરે છે ? એકવાર ફક્ત શત્રુંજય પર્વતનું તું અવલોકન કર. જેણે શત્રુંજયની યાત્રા કરી નથી અને ત્યાં રહેલા શ્રી ઋષભદેવને પૂજ્યા નથી તે પોતાનો જન્મ ફોગટ હારી ગયો છે. બીજાં તીર્થોમાં સેંકડા યાત્રા કરવાથી પ્રાણીને જે પુણ્ય થાય છે તેટલું પુણ્ય આ ગિરિરાજની એક વેળા યાત્રા કરવાથી થાય છે.

આ ગિરિરાજ, પ્રાણીના કાદવરૂપ કર્મોને ધોઇ નાંખી તેને વિમલ કરે છે તેથી વિમલાદ્રિ કહેવાય છે. અને તે પ્રાણીઓના અઘસમૂહનો નાશ કરીને કલ્યાણને કરનાર થાય છે. ''હે પુંડરીકાક્ષિ (કમલના જેવાં લોચનવાળી) આ પુંડરીક ગિરિને જો-'' એવી પ્રેરણા કરવાથી અને એમ સાંભળવાથી પુરૂષ અને સ્ત્રી બન્નેનાં પાપનો ક્ષય થઇ જાય છે. જે સારી વાસનાવાળો પુરૂષ હંમેશા પુંડરીક ગિરિનું ધ્યાન કરે છે તે આ સંસારના તાપને છેદીને પરમપદ પ્રત્યે જાય છે એક પુંડરીકથી સવ જગત્ તાપરહિત થાય છે તો બે પુંડરીક વડે અદ્વૈત સુખ થાય તેમાં શું કહેવું ? જે એક ચિત્તથી એકવાર પુંડરીકને સેવે તેને એક પુંડરીક પણ હંમેશાં સુખની વૃદ્ધિ કરે છે. સરોવર અને સમુદ્ર પ્રમુખ એક દિશાને પણ આલ્હાદ્ કરી શકતા નથી પણ પુંડરીક ગિરિની તો એક કર્ણિકા પણ સર્વ જગતના હર્ષને માટે થાય છે.

પુંડરીકરૂપ ગુરૂએ જડતામાંથી મુક્ત કરેલા પ્રાણીઓ પ્રમાણના સ્થાન પર આવી કુમાર્ગનું ખંડન કરે છે. વળી જેઓ આ પુંડરીકનો આશ્રય કરી રહ્યો છે તે ભ્રમણ (અહીં અલંકાર થાય છે કે, જે પુંડરીક એટલે કમલનો આશ્રય કરે તે ભ્રમર કહેવાય છે. પણ અહીં એક આશ્ચર્ય થાય છે કે, આ પુંડરીકનો આશ્રય કરનારા ભ્રમર એટલે સંસારમાં ભમનારા થતા નથી અને જેઓ આશ્રય કરતા નથી તે ભ્રમરાના જેવા મલીન-કાળા કિલષ્ટ કર્મોવાળા થાય છે) ઉત્પત્તિ, વિગમ (નાશ) અને ધ્રુવ એ ત્રિપદીને પ્રાપ્ત કરી જેઓ આ પુંડરીક ગિરિનો આશ્રય લે છે તેઓ જલમાં ઉત્પન્ન થયેલા ભ્રમરસહિત પુંડરીક (કમલ)ને

હસી કાઢે છે. રાજાઓ પણ 'પુંડરીક' એવા નામને ધારણ કરનારૂં છત્ર મસ્તક પર ધારણ કરે છે, નહીં તો તેને અખંડ લક્ષ્મી કેમ સ્ફુરણાયમાન થાય ? એ સર્વ પુંડરીક નામનો મહિમા છે.

આ જગતમાં સદ્દ્રવ્ય, સત્કુલમાં જન્મ, સિદ્ધક્ષેત્ર, સમાધિ, અને ચતુર્વિધ સંઘ અ પાંચ પ્રકાર દુર્લભ છે. પુંડરીક પર્વત, પાત્ર, પ્રથમ પ્રભુ (ઋષભદેવ), પરમેષ્ટી અને પર્યુષણપર્વ એ પાંચ પકાર દુર્લભ છે. તેવી જ રીતે શત્રુંજય, શિવપુર, (મોક્ષનગર) શત્રુંજયા નદી, શાંતિનાથ, અને શમવંતને દાન એ પાંચ શકાર પણ દુર્લભ છે. જે સ્થાનકે મહંત પુરુષો એકવાર આવીને રહે તે તીર્થ કહેવાય છે પણ અહીં તો અનંત તીર્થંકરો આવેલા છે તેથી આ મહાતીર્થ ગણાય છે. હે ઈંદ્ર ! આ તીર્થે અનંત તીર્થંકરો આવીને સિદ્ધ થયા છે અને અસંખ્યાત મુનિવરો પણ સિદ્ધિપદને પામ્યા છે તેથી આ શત્રુંજયતીર્થ મોટું ગણાય છે. જે સ્થાવર અને ત્રસજંતુઓ સદા આ તીર્થમાં રહે છે તેઓને ધન્ય છે અને જેઓએ આ તીર્થ એકવાર પણ જોયું નથી તેમના જીવિતને ધિક્કાર છે.

આ ગિરિ ઉપર મયૂર, સર્પ અને સિંહ વિગેરે હિંસક પ્રાણીઓ પણ જિનેશ્વરનાં દર્શનથી સિદ્ધ થયેલા છે, થાય છે અને થશે. બાલ્યાવસ્થામાં, યૌવનમાં, વૃદ્ધપણે અને તિર્યંચજાતિમાં પણ જે પાપ કરેલું હોય તે આ સિદ્ધાદ્રિનો સ્પર્શ કરવાથી લય પામી જાય છે. એકવાર ફક્ત આ તીર્થનું સેવન કરવું તેજ દાન તેજ ચારિત્ર, તેજ શીળ, તેજ ત્રિધા તપ અને તેજ ધ્યાન સમજવું. આ ઉત્તમ ક્ષેત્રમાં લેશ માત્ર દ્રવ્ય પણ જો વાવ્યું હોય તો તે અત્યંત ફળિત થઇ જે શ્રેય આપે છે તે જ્ઞાનીપુરૂષ સિવાય બીજું કોઇ જાણી શકતું નથી તો જેઓ વિધિ વડે ઘણી ભક્તિથી પોતાનું લાખો દ્રવ્ય જિનપૂજનથી સફલ કરે છે તેઓ તો ઉત્તમ પુરુષો જ ગણાય છે. કોઇપણ પુરૂષ આ તીર્થમાં યાત્રા, પૂજા, સંઘની રક્ષા અને જાત્રાળુ લોકોનો સત્કાર કરે છે તો તે પોતાના ગોત્રસહિત સ્વર્ગલોકમાં પૂજાય છે. અને જે અહીં આવેલા જાત્રાળુઓને બાંધે છે વા તેનું દ્રવ્ય હરણ કરે છે તો તે પાપના સમૂહથી પરિવાર સાથે ઘોર નરકમાં પડે છે. તેથી સુખને સંપાદન કરવા અને જન્મનું સાફલ્ય કરવા ઇચ્છનારા પુરૂષોએ મનવડે પણ જાત્રાળુ લોકોનો દ્રોહ ચિંતવવો નહીં. અન્ય તીર્થમાં કરેલું પાપ એક જન્મ સુધી અનુસરે છે અને આ સિદ્ધગિરિમાં કરેલું પાપ તો ભવે ભવે વૃદ્ધિ પામે છે. હે ઈંદ્ર ! સ્વર્ગમાં અને પાતાલમાં જેટલા જિનબિંબો છે તે સર્વના પૂજન કરતાં પણ અહીંના જિનબિંબના પૂજનથી વિશેષ ફલ થાય છે. વળી હે ઈંદ્ર ! જો ચિંતામણિ હાથમાં હોય તો દારિદ્રયનો ભય કેમ રહે ? સૂર્ય ઉદય પામ્યે સતે લોકોને અંધપણું કરનાર અંધકાર શું કરી શકે ? વરસાદનો પ્રવાહ પડતો હોય ત્યારે દાવાનળ કેવી રીતે વનને બાળી શકે ? અગ્નિ પાસે હોય ત્યારે ટાઢનો ભય ક્યાંથી લાગે ? કેશરી સિંહ હોય ત્યાં મૃગલાથી શો ભય રહે ? ગરૂડનો આશ્રય કરનાર પુરૂષને ઉપદ્રવ કરવા મોટો નાગ પણ કેમ સમર્થ થઇ શકે ? કલ્પવૃક્ષ આંગણે હોય ત્યારે તડકાનો ભય તો શેનો જ લાગે ? તેમ શત્રુંજય તીર્થરાજ પાસે હોય ત્યારે નરકને આપનાર પાપનો ભય ચિત્તમાં શા માટે રખાય ? કેમ કે જ્યાંસુધી ગુરૂના મુખથી "શત્રુંજય" એવું નામ સાંભળ્યું નથી ત્યાં સુધી જ હત્યાદિક પાપો ગર્જના કરે છે, પછી કાંઇ પણ કરી શકતાં નથી.

હે ઈંદ્ર ! જે પ્રમાદી છે તેમણે પણ પાપથી જરાપણ ભય રાખવો નહીં પરંતુ તેઓએ એકવાર શ્રી સિદ્ધગિરિની કથા સાંભળવી. સિદ્ધક્ષેત્રમાં એક દિવસ સર્વજ્ઞ ભગવાનની સેવા કરવી શ્રેષ્ઠ છે, લાખો તીર્થોમાં કલેશકારી પરિભ્રમણ કરવું શ્રેષ્ઠ નથી. પુંડરીક ગિરિની યાત્રા કરવા જવાની ઇચ્છા રાખનાર પુરૂષોનાં કોટીભવનાં પાપ પગલે પગલે લય પામી જાય છે, અને એ ગિરિરાજ **તરફ એક પગલું ભરે ત્યાં જ પ્રાણી કોટી ભવનાં પાપથી મુક્ત થાય છે** સિદ્ધગિરિને સ્પર્શ કરનારા પ્રાણીઓને રોગ, સંતાપ, દુઃખ, વિયોગ, દુર્ગતિ અને શોક થતાં જ નથી. **સુબુદ્ધિવાળા મુમુક્ષુએ એ તીર્થરાજમાં જઇને તેના પાષાણ છેદવા નહીં, પૃથ્વી ખોદવી નહીં અને વિષ્ઠા મૂત્ર કરવાં નહીં. એ ગિરિરાજ પોતે જ તીર્થરૂપ છે.** જે દર્શન અને સ્પર્શથી ભુક્તિ (દેવમનુષ્યસંબંધી સાંસારિક સુખ) અને મુક્તિ સુખના સ્વાદને આપે છે, તેને કયા પુરૂષો ન સેવે ? તેમાં વળી એ ગિરિરાજ તો ભગવાન શ્રી આદીશ્વરથી વિભૂષિત છે **તેથી તપ જેમ દુષ્ટ કર્મોને ભેદે તેમ તે નિબિડ (આકરા)**

પાપને પણ ભેદે છે. જો તીવ્ર તપ તપ્યું હોય, ઉત્તમ દાન આપ્યું હોય અને જો જિનેશ્વર પ્રસન્ન થયેલા હોય તો જ આ ગિરિરાજની ક્ષણવાર પણ સેવા થાય છે. પૃથ્વી ઉપર બીજાં પુણ્યકારી જે સર્વ તીર્થો છે તે સર્વનું માહાત્મ્ય વાણીથી પ્રકાશ કરી શકાય છે પણ આ તીર્થરાજનું માહાત્મ્ય કહેવાને તો જગતના સર્વ ગુણને જોનારા કેવળી ભગવાન પણ જાણતાં છતાં સમર્થ થતા નથી. આ તીર્થમાં રહેલા શ્રીયુગાદિપ્રભુના ચરણકમળની સેવા કરવાથી ભવ્ય પ્રાણીઓ સેવવા યોગ્ય, જગતને વાંદવાયોગ્ય અને નિષ્પાપ થાય છે. અહીં જે શીતળ અને સુગંધિ જળથી પ્રભુને સ્નાન કરાવે છે તેઓ શુભ કર્મથી નિર્મલ થાય છે. જેઓ પંચામૃતથી સ્નાન કરાવે છે, તેઓ પંચમજ્ઞાન મેળવી પાંચમી ગતિને (મોક્ષગતિને) પામે છે. જેઓ શ્રીખંડચંદનથી પ્રભુની પૂજા કરે છે તેઓ અખંડ લક્ષ્મીએ યુક્ત થઇ કીર્તિરૂપી સુગંધીના ભાજન થાય છે. કર્પૂર (બરાસ)થી પૂજનારા પુરૂષો જગતમાં શ્રેષ્ઠ અને શત્રુના વિગ્રહથી રહિત થાય છે. કસ્તૂરી, અગરૂ અને કુંકુમ (કેશર)થી પૂજનારા જગતમાં ગુરૂ થાય છે. હે ઇંદ્ર ! જેઓ ભક્તિથી પ્રભુનું અર્ચન કરે છે તેઓ ત્રણ જગતને પોતાની કીર્તિથી વાસિત કરી આ લોકમાં નિરોગી થાય છે અને પરલોકમાં સદ્ગતિને પામે છે. જેઓ સુગંધી પુષ્પોથી આદરસહિત પૂજા કરે છે તેઓ સુગંધી દેહવાળા અને ત્રિલોકવાસી લોકોને પૂજવા યોગ્ય થાય છે. બીજી પણ સુગંધી વસ્તુથી પૂજનારા સમકિતવંત શ્રાવકો સમાધિ વડે આ સ્થાનમાં જ સિદ્ધિપદને પામે છે. પ્રભુની પાસે સાધારણ ધૂપ કરવાથી એકપક્ષ ઉપવાસનું ફળ મળે છે અને કર્પૂરાદિ મહાસુગંધી પદાર્થો વડે ધૂપ કરવાથી માસોપવાસનું ફળ મળે છે. પ્રભુની વાસક્ષેપ વડે પૂજા કરવાથી મનુષ્યો સર્વ વિશ્વને વાસિત (સુગંધીત) કરે છે, વસ્ત્ર ધરવાથી વિશ્વમાં આભૂષણરૂપ થાય છે, પૂજન કરવાથી દેવતાને પણ પૂજવા યોગ્ય થાય છે, અખંડ, અક્ષત ચડાવ્યાથી અખંડ સુખસંપત્તિ પામે છે, અને મનોહર ફળ ઢોકવાથી મનોરથ સફળ થાય છે. જેઓ પ્રભુની સ્તુતિ કરે છે તેઓ પોતે સ્તવાય છે, જેઓ દીપક કરે છે તેઓના દેહની કાંતિ પ્રદીપ્ત થાય છે અને અત્યંત હર્ષથી પ્રમુદિત થઇને નૈવેદ્ય ધરનારા, પાતાને થનારા સુખની સંખ્યા પણ જાણી શકતા નથી. આરતિ ઉતારનારાને યશ, લક્ષ્મી અને સુખ થાય છે અને તે આરતિને પામીને પછી તેઓ કોઇ દવસ પણ સાંસારિક અર્તિ (પીડા) પામતા નથી.

હે ઇંદ્ર ! આ તીર્થમાં પ્રભુને નમનારા નમાય છે અને ગીત પૂજા કરનારા ગવાય છે; અર્થાત્ પ્રભુની જેવી ભક્તિ કરીએ તેવું ફળ પ્રાપ્ત થાય છે. પ્રભુની પાસે જો દીપક કરે તો તેનો સંસારસંબંધી અંધકાર નાશ પામે છે. મંગળ દીપક કરવાથી મંગળિકો પ્રાપ્ત થાય છે. ઘણાં આભૂષણોથી પ્રભુને શણગારે તો તેઓ ત્રણ ભુવનના અલંકારભૂત થાય છે. જગત્પતિ પ્રભુની રથયાત્રાને માટે જે રથ આપે છે તેઓને ચક્રવર્તીની સંપત્તિ સ્વયંવરા થઇને સામી વરવા આવે છે. નીરાજન (આરતિ) કરવાથી નીરજપણું (કર્મરજરહિતપણું) પ્રાપ્ત થાય છે અને તેના પ્રતાપરૂપ તડકાથી શત્રુઓની શ્રેણી પરિતાપ પામે છે. જેઓ આ તીર્થમાં અશ્વ આપે છે તેમને સર્વ તરફથી લક્ષ્મીઓ પ્રાપ્ત થાય છે અને ગજ આપવાથી ગજગામીની તેમજ શુભ વ્રતવાળી કામિનીઓ પ્રાપ્ત થાય છે. પ્રભુને પંચામૃત સ્નાન કરવાને માટે જે હર્ષથી ઉત્તમ ગોદાન (ગાયનું દાન) આપે છે તે ગજ વડે ગર્વિત થઇ ગોપતિ (પૃથ્વીપતિ-રાજા) થાય છે. જો ચંદરવો, મહાછત્ર, સિંહાસન અને ચામર આપે તો જાણે થાપણ મૂક્યા હોય તેમ તેઓને તે પ્રાપ્ત થાય છે. ગુરૂની આજ્ઞાથી જો મહાધ્વજ ચડાવે અથવા ધ્વજા ચડાવે તો તે અનુત્તર વિમાનમાં સુખ ભોગવી શાશ્વતપદ પ્રાપ્ત કરે છે. જે આ તીર્થમાં સુવર્ણના રૂપાના કે તાંબા પીતળના કલશ કરાવે છે તેઓ સ્વપ્નમાં પણ પીડા પામતા નથી અને શાશ્વત કલશ પ્રાપ્ત કરે છે. જે ઉત્તમ પટસૂત્રથી ગુંથેલી પરિધાપનિકા (આંગી) કરાવે છે તે વિશ્વમાં શૃંગારભૂત થાય છે. જો પૂજાને અર્થે ભૂમિનું દાન કરે તો તેવા ભાવવાળો પ્રાણી ભોગી થાય છે અને ગામ તથા આરામ (બાગ, વાડી) આપે તો ચક્રવર્તી અને સમકિતી થાય છે. મોટી માલા ધારણ કરાવી વિધિવડે આરતિ કરે તો તે દેવતાઓને સેવક કરી સ્વર્ગની સંપત્તિઓ ભોગવે છે. આ તીર્થમાં જિનપૂજામાં જો પુષ્પોની દશ માળા ચડાવે તો ચતુર્થ તપનું ફળ થાય છે અને તેથી અનુક્રમે દશ દશ ગણી માળાઓ અર્પણ કર્યાથી ષષ્ઠમ, અષ્ટમ, પાક્ષિક અને માસક્ષમણ વિગેરે તપનું પુણ્ય પ્રાપ્ત થાય છે. અન્ય સ્થાનકે સુવર્ણ, ભૂમિ અને અલંકારાદિ આપવાથી જેટલું પુણ્ય ન

થાય તેટલું પુણ્ય અહીં એક ઉપવાસ કરવાથી થાય છે. બીજા તીર્થમાં બહુ કાલ સુધી ઉગ્ર તપ કરવાથી અને બ્રહ્મચર્યથી જેટલું પુણ્ય થાય તેટલું અહીં એક ઉપવાસથી થાય છે.

અહીં પુંડરીક મુનિને સંભારવાપૂર્વક દશ પ્રકારનાં પચ્ચખાણ કરનાર પુરૂષ વિઘ્નરહિત એવા સર્વ મનોરથને પ્રાપ્ત કરે છે. ષષ્ઠમ તપ કરે તો સર્વ સંપત્તિને પામે છે અને અષ્ટમ કરવાથી આઠ કર્મનો ક્ષય કરી મોક્ષ પામે છે. બીજા તીર્થમાં સૂર્યનાબિંબ ઉપર દ્રષ્ટિ રાખી, એક પગે ઉભા રહી, અને અખંડ બ્રહ્મચર્ય પાળી માસોપવાસ કરવાથી જે પુણ્ય મેળવાય છે તે પુણ્ય સિદ્ધગિરિમાં એક મુહૂર્ત માત્ર સર્વ આહારનો ત્યાગ કરવાથી થાય છે. રાગના દોષવાળો પ્રાણી અર્હંતનું ધ્યાન કરવાથી નીરાગી થાય છે. સ્ત્રીહત્યાનું પાપ આઠ ઉપવાસથી નાશ પામે છે, પાક્ષિક તપ કરવાથી બાળહત્યાનું પાપ નાશ પામે છે અને માસોપવાસથી બ્રહ્મચારીની હત્યાનું પાપ દૂર થાય છે. આ ક્ષેત્રમાં એકાદિક ઉપવાસનું પુણ્ય મેળવ્યું હોય તો તે લક્ષાદિકના ઋણમાંથી મુક્ત થાય છે અને અંતે મુક્તિસુખને આપનાર બોધિ બીજને (સમ્યક્ત્વને) પામે છે. અહીં જિનગૃહમાં જિનબિંબને માર્જન, વિલેપન અને માળારોપણ કરવાથી અનુક્રમે સો, હજાર અને લાખ દ્રવ્યના દાનનું ફળ થાય છે. હે ઇંદ્ર ! અહીં પ્રભુની સામે ભક્તિપૂર્વક સંગીત કરે તેને જે પુણ્ય થાય છે તે વચનથી કહેવાને પણ અમે સમર્થ નથી. શત્રુંજયનું નામ સાંભળવાથી જે પુણ્ય થાય છે તેના કરતાં શત્રુંજયની નજીક આવવાથી શત્રુંજય નહીં દીઠા છતાં પણ ક્રોડગણું ફળ થાય છે અને જ્યારે તે દેખવામાં આવે છે ત્યારે તો અનંતગણું પુણ્ય થાય છે. સિદ્ધગિરિ હજુ બરાબર ન દેખાયો હોય તે વખતે જેઓ સંઘની ઉત્કૃષ્ટ ભક્તિ કરે છે તેઓ એવું મોટું પુણ્ય ઉપાર્જે છે કે જે લોકાગ્રની અવધિ પર્યંત તેને લઇ જાય છે. આ તીર્થરાજમાં જો કોઇ ચારિત્રવંત સાધુને અશનાદિ વ્હોરાવે તો તે કાર્તિક માસના તપનું ફલ મેળવે છે. જેઓએ આ ગિરિમાં આવીને મનિજનોને પૂજ્યા નથી તેઓનું જન્મ, ધન અને જીવિત નિરર્થક છે. જેઓ જિનતીર્થોમાં, જિનયાત્રામાં અને જિનપર્વમાં મુનિઓને પૂજે છે તેઓ ત્રૈલોક્યના ઐશ્વર્યને મેળવે છે. માટે આ તીર્થમાં આવીને વિદ્વાન શ્રાવકોએ મુનિને પૂજવા, સેવવા અને માનવા; કારણ કે યતિના આરાધનથી યાત્રા સફળ થાય છે, નહીં તો તે નિષ્ફળ થાય છે.

હે ઇંદ્ર ! વીતરાગપણું પ્રાપ્ત કરવામાં પણ પૂર્વભવમાં સાંભળેલી ગુરૂની વાણી મૂલનિદાનરૂપ (મૂળ કારણરૂપ) છે, તેથી દેવતત્ત્વ કરતાં ગુરૂતત્ત્વ મોટું ગણાય છે. પંડિત પુરુષોએ કરેલું પાત્રદાન મોટા પુણ્યને અર્થે થાય છે અને તે પણ જો આ તીર્થમાં કર્યું હોય તો વસુવર્ણને સુગંધ સમાન વિશિષ્ટ ગણાય છે. જેઓ આ તીર્થમાં અન્ન, પાન, વસ્ત્ર, ઉપાશ્રય, આસન અને પાત્રથી મુનિની ભક્તિ કરે છે તેઓ લક્ષ્મીથી દેવતાનો વિજય કરે છે. અન્નવસ્ત્રાદિકથી ગુરૂનું પૂજન કરનાર પુરૂષ આ ભવમાં સુખસંપન્ન થઇ ત્રીજા ભવમાં તે શુદ્ધાત્મા તત્ત્વથી મુક્તિને પામે છે. તે ધન, તે તત્ત્વ અને તે પુણ્યબુદ્ધિ શ્લાઘ્ય (વખાણવાલાયક) અને ધન્ય ગણાય છે કે જેના વડે જગતને પૂજવાયોગ્ય ચારિત્રધારીઓ ભક્તિ વડે પૂજાય છે. જેઓ ગુરૂને સાક્ષીભૂત કરીને જિનેશ્વરની પૂજા કરે છે તેઓ આ લોકમાં સામ્રાજ્ય પ્રાપ્ત કરી પરલોકમાં સદ્ગતિને પામે છે. આ તીથમાં હજારો અને લાખો શુદ્ધ શ્રાવકોને જમાડવાથી જે પુણ્ય થાય છે તે કરતાં એક મુનિને દાન કરવાથી અધિક પુણ્ય થાય છે. જેઓ તેવો લિંગધારી સાધુ હોય તો પણ તેને સદ્બોધી શ્રાવકોએ આ તીર્થમાં શ્રીગૌતમની પેઠે આરાધવો. શોભારહિત, મનને કલેશકારી અને મુખે વિરસ-કટુભાષી એવો ગુરૂ હોય તો પણ કર્મરૂપી રોગથી પીડાયેલા શ્રાવકોએ સારા ઔષધની પેઠે સેવવા યોગ્ય છે. વેષધારી યતિ જેવો તેવો હોય તો પણ શ્રેણિક રાજાની જેમ સમકિતી શ્રાવકોને સદા પૂજ્ય છે. ગુરૂની આરાધનાથી સ્વર્ગ અને વિરાધનાથી નરક એમ બે ગતિ લભ્ય થાય છે તેમાંથી જેની ઇચ્છા હોય તે એક ગ્રહણ કરો. અહીં જો બીજાં દાન કર્યાં હોય તો તે કીર્તિ, લક્ષ્મી અને સુખને આપે છે અને અભયદાનનું ફળ તો વાણીના માર્ગનો પાર પામેલું છે; અર્થાત્ તેનું ફળ વાણીથી કહી શકાય તેવું નથી. દીનાદિકને જો દાન આપ્યું હોય તો તે સ્વર્ગના સુખને માટે અને ભવે ભવ મનુષ્ય જન્મમાં અખંડ લક્ષ્મીને માટે થાય છે. તે દાનાદિકનું ફળ અહીં જે રાજ્યાદિકનો લાભ છે એમ બતાવ્યું છે તે સમકિતની પ્રાપ્તિયુક્ત હોવાથી પુણ્યાનુબંધી પુણ્યને અર્થે થાય છે અને છેવટે તે મુક્તિના લાભને આપનારૂં છે. સારી

વાસનાવાળા પુરૂષનું બીજા સ્થાનમાં કરેલું પાપ અહીં આવવાથી નાશ પામે છે અને જો આ તીર્થમાં પાપકર્મ કરે છે તો તે વજ્રલેપની જેવું સજ્જડ લાગે છે. તેથી હે ઇંદ્ર ! આ તીર્થે આવીને બીજાની નિંદા કરવી નહીં, પરદ્રોહ ચિંતવવો નહીં, પરસ્ત્રીમાં લલચવું નહીં, પરદ્રવ્યમાં બુદ્ધિ રાખવી નહીં, મિથ્યાત્વીનો સંસર્ગ કરવો નહીં, તેઓનાં વચનનો આદર કરવો નહીં, તેમની નિંદા પણ કરવી નહીં, તેમના આગમો (શાસ્ત્રો) નો સત્કાર કરવો નહીં, વૈરી ઉપર પણ વૈર રાખવું નહીં, ત્રસાદિક જીવોની હિંસા કરવી નહીં, ઘી વિગેરે કામોદ્દીપક પદાર્થોમાં આસક્તિ રાખવી નહીં, અને માઠી લેશ્યા વડે ચિંતવન કરવું નહીં. ઇત્યાદિક સર્વ પાપકર્મને જાણીને બુદ્ધિવંત પ્રાણીઓએ ત તજી દેવાં અને સુકૃતની ઇચ્છાથી સર્વ જનસમૂહની સ્તુતિ કરવી. જે મનુષ્ય જૈનતીર્થાદિકમાં આવીને મિથ્યાત્વ મિશ્રિત ક્રિયા કરે છે તે મહાપાપી થાય છે તેથી તેને પુણ્યની પ્રાપ્તિ શી રીતે થાય ?

હે ઇંદ્ર ! અનર્થદંડથી વિરતિ, તત્ત્વચિંતામાં આસક્તિ, જીનેશ્વરમાં ભક્તિ, મુનિમાં રાગ, દાનમાં નિરતર વૃત્તિ, સત્પુરુષોનાં ચરિત્રોનું ચિંતન, અને પંચનમસ્કારનું સ્મરણ, એ સર્વ, પુણ્યરૂપી ભંડારને ભરનાર છે ને ભવસાગરથી તારનાર છે; તેથી આ મહાતીર્થમાં તે સર્વ આચરવું. તેમજ ઉત્તમ ધ્યાન, દેવપૂજન અને તપ આદિ સત્કર્મ મોક્ષસુખને ઉપાર્જન કરવામાં ઉદ્યમવંત પુરુષે અહીં અવશ્ય કરવાં. આ તીર્થે જેઓ ચતુર્વિધ સંઘ સહિત આવીને યાત્રા કરે છે તેઓ તીર્થંકરપણાનું લોકોત્તર પદ મેળવે છે. તીર્થમાર્ગમાં યાત્રા કરતા યાત્રાળુઓના શ્રમજલ (પસીના)ને જેઓ ભક્તિ વડે પ્રમાર્જે છે તેઓનો દેહ પાપરહિત તથા નિર્મલ થાય છે. આ તીર્થે જેઓ યાત્રાળુઓને ભક્તિપૂર્વક વસ્ત્ર અને અન્નાદિ વડે પૂજે છે તે વિપુલ સમૃધ્ધિનું સુખ ભોગવી અંતે મુક્તિને મેળવે છે. જે અહીં ઇચ્છાનુરૂપ અવારિત (અટક્યા વગર) દાન આપે છે તેઓ આનંદયુક્ત અત્યંત સુખ સંપાદન કરે છે. જે સુમતિજનો અન્ય પ્રકારનાં પુણ્યકર્મ પણ પોતાની શક્તિ પ્રમાણે અહીં આચરે છે તેઓના કુકર્મનો નાશ થવાથી તેમને આ લોક ને પરલોક બન્નેની શુદ્ધિ થાય છે.

હે ઇંદ્ર ! એવી રીતે આ પવિત્ર તીર્થનો મહિમા સંક્ષેપથી કહ્યો. હવે તેમાં રહેલા તીર્થરૂપ રાજાદની (રાયણ)ના વૃક્ષનો મહિમા સાંભળ. આ રાજાદનીનું વૃક્ષ શાશ્વત છે અને ભગવંત ઋષભદેવની પાદુકા વડે શોભે છે. તે વૃક્ષમાંથી ઝરતી દૂધની ધારાઓ ક્ષણવારમાં અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરે છે. તે પવિત્ર રાયણની નીચે નાભિરાજાના પુત્ર શ્રી ઋષભદેવ પ્રભુ અનેક વખત સમોસર્યા હતા તેથી એ વૃક્ષ; તીર્થથી પણ ઉત્તમ તીર્થની પેઠે વંદન કરવા યોગ્ય છે. તેના દરેક પત્ર ઉપર, ફળ ઉપર અને શાખા ઉપર દેવતાઓનાં સ્થાનકો છે; તે માટે એનાં પત્ર ફળાદિક કાંઇ પણ પ્રમાદ વડે છેદવા યોગ્ય નથી. જ્યારે કોઇ સંઘપતિ ભક્તિથી ભરપૂર ચિત્ત વડે એને પ્રદક્ષિણા કરે છે, ત્યારે જો તે હર્ષથી તેના મસ્તક ઉપર દૂધની ધારા વર્ષાવે તો તેનો ઉત્તર કાળ બન્ને લોકમાં (આ ભવ તથા પરભવમાં) સુખકારી થાય છે અને જો તે દ્ધની ધારા ન વર્ષાવે તો જાણે ઇર્ષ્યાવાળી હોય તેમ હર્ષ કરનારી થતી નથી. સુવર્ણ, રૂપ્ય, અને મુક્તાફળથી વંદનાપૂર્વક જો તેની પૂજા કરે તો તે સ્વપ્નામાં આવી સર્વ શુભાશુભ કહી આપે છે. શાકિની, ભૂત, વેતાળ અને રાક્ષસાદિક જેને વળગ્યાં હોય તે પણ જો આવી તેનું પૂજન કરે તો એ દોષથી મુક્ત થાય છે એની પૂજા કરનારના અંગ પર એકાંતરોતાવ, તરીઓતાવ, કાળજવર અને ઝેર, અસર કરી શકતાં નથી. એ વૃક્ષનાં પુત્ર, પુષ્પ કે શાખા પ્રમુખ સ્વતઃ પડેલાં હોય તો તે લઇ આવીને જીવની પેઠે સાચવી રાખવાં; જેથી તે સર્વ અરિષ્ટનો નાશ કરે છે. એ રાયણને વચ્ચે સાક્ષી રાખી જેઓ મૈત્રી બાંધે છે તેઓ સમગ્ર ઐશ્વર્ય સુખ મેળવીને પ્રાંતે પરમપદને પામે છે.

હે ઇંદ્ર ! એ રાયણના વૃક્ષની પશ્ચિમ તરફ એક દુર્લભ રસકૂપિકા છે. એના રસના ગંધમાત્રથી લોખંડ મટીને સુવર્ણ થાય છે. જેણે અષ્ટમ તપ કર્યું હોય અને દેવની પૂજા તથા પ્રણામ ઉપર જે ભાવિક હોય, તેવો કોઇ વિરલ પુરૂષ, એ રાયણના પ્રસાદથી તે રસકૂપિકાનો રસ મેળવી શકે છે. જો એક રાજાદની ફક્ત પ્રસન્ન હોય તો તેને કલ્પવૃક્ષ, દિવ્ય ઔષધી કે સિદ્ધિની શી જરૂર છે ? હે ઇંદ્ર ! એ વૃક્ષની નીચે ત્રણ જગતના લોકોએ સેવેલી શ્રીયુગાદીશની પાદુકા છે તે મહાસિદ્ધિને

આપનારી છે તે તમને સુખને અર્થે થાઓ. તેની ડાબી અને જમણી બાજુ શ્રી ઋષભપ્રભુના પ્રથમ ગણધર શ્રી પુંડરીકની બે મૂર્તિ છે તે તમને બન્ને લોકના સુખને માટે થાઓ. આ પર્વત ઉપર મરૂદેવા નામના શિખર ઉપર રહેલા, કોટી દેવતાઓએ સેવવા યોગ્ય શ્રી શાંતિનાથ ભગવાન્ સમસ્ત સંઘની શાંતિને માટે થાઓ.

હવે આ તીર્થનો સર્વકાળ શુભકારી અને ચમત્કાર ભરેલો પ્રભાવ સમગ્રપણે કહું છું. શ્રી આદિનાથપ્રભુ, પુંડરીક ગણધર, રાયણ, પાદુકા અને શ્રી શાંતિનાથજીનું જેઓ સૂરિમંત્ર વડે મંત્રેલા અને શુદ્ધ જલથી ભરેલા એક સો ને આઠ કુંભો વડે ગંધપુષ્પાદિક સહિત, મંગલિકપૂર્વક સ્નાત્ર કરે છે તેઓ આ લોકમાં રાજ્ય, બુદ્ધિ, લક્ષ્મી, કીર્તિ, સુવેશપણું, ધનાગમ, સ્ત્રીપુત્રની સંપત્તિ, સૌભાગ્ય, આરોગ્ય, જયલક્ષ્મી, સર્વમનોરથ, આનંદ અને નિર્દોષપણું પ્રાપ્ત કરે છે અને પરલોકમાં ઉત્તમ સ્વર્ગમોક્ષાદિકને મેળવે છે. વળી શાકિની, ભૂત, વેતાળ અને વ્યંતરોના દોષ એ અષ્ટોત્તરશત સ્નાત્રના જળથી દૂર થાય છે. તેમજ તે સ્નાત્રજલના સિંચનથી, જ્યેષ્ઠા, અશ્લેષા, મઘા, મૂળ, ભરણી અને ચિત્રા વિગેરે કુનક્ષત્રોમાં જન્મેલા પ્રાણીઓના વિકાર પણ દૂર જાય છે. તે જળના બીજા પણ અનેક પ્રકારના પ્રભાવ છે પણ અહીં એકી સાથે સાર્વકાલિક મહિમા કહેલો છે.

આ નિર્દોષ તીર્થ મોક્ષલક્ષ્મીનો સંગમ કરવાના એક ચોકરૂપે જયવંત વર્તે છે અને તે પૃથ્વીના લલાટમાં તિલકરૂપ તથા આદિનાથ પ્રભુરૂપી પ્રૌઢ રત્નની વિસ્તારવાળી શોભાથી યુક્ત છે. આ તીર્થ અનંત કેવળજ્ઞાનની પેઠે સર્વત્ર ઉપકારી છે અને મુક્તિના ધામની પેઠે સદા સ્થિર નિર્મળ અને નિરાબાધ છે તેથી દુરિતના સમૂહને નાશ કરનારૂં આ તીર્થ જગત્પતિ ઋષભદેવ પ્રભુને ચિત્તમાં રાખીને સેવવાને યોગ્ય છે.

એથી પૂર્વદિશામાં આભૂષણ, નિર્દોષ અને દેવતાને પ્રિય એવું સૂર્યોદ્યાન આવેલું છે. જ્યાં રહેલી કલ્પવૃક્ષોની શ્રેણી જાણે ગિરિરાજની લક્ષ્મીની વેણી હોય તેવી અને સર્વવાંછિતને પૂર્ણ કરવામાં જીનસેવાની સ્પર્ધા કરનારી છે. ત્યાં આવીને કિન્નર પુરૂષો પોતાની સ્ત્રીઓની સાથે જિનમંદિરમાં સંગીત કરી પક્ષિઓને પણ આનંદ આપે છે. જ્યાં તમાલ, હિંતાલ, પલાશ અને તાડનાં પત્રોની પંક્તિ, ‘ભરમાઓ અમારાં ચિત્રવિચિત્ર પુષ્પોને કેમ ચુસી જાય છે ?’ એમ ધારી જાણે રોષ પામી હોય તેમ ચપળ અને મધુર શબ્દ કરતી ભ્રમરાને ઉડાડી મૂકે છે; જ્યાં નવપલ્લવોના સમૂહથી વ્યાપ્ત અને સૂર્યનાં કીરણોથી અવિદ્ધ એવી વનની શ્રેણી જાણે કામદેવે વસંતમાં લજ્જા ધારણ કરી હોય તેવી જણાય છે; જ્યાં કોકિલ ‘અગુણ હોય તો પણ સંગથી ગુણી થાય છે’ એવી સફળ વાણી વારંવાર કરે છે અને આમ્રવૃક્ષ ઉપર પંચમ સ્વર બોલવાથી સંતોષ આપે છે; જ્યાં રાગી પુરૂષોને આનંદના તરંગો રચનારી જે વાણી પક્ષીઓ બોલે છે તે વાણી અમૃતરસની ધારાની મધુરતાનો તિરસ્કાર કરે છે; જ્યાં લોકોના નેત્રોના લક્ષમાં નહીં આવતો તેથી ભય રહિત થયેલો પવન ‘‘મારૂં નામ તેઓએ વિષમ કર્યું છે’’ એવા ક્રોધથી જાણે વનોને કંપાવતો હોય તેમ જણાય છે; જ્યાં વૃક્ષના ક્યારામાં પક્ષીઓને પ્રિય અને માર્ગના પર્વતો સાથે લાગવાથી ચળકતું નીકનું નિર્મલ પાણી ચાલ્યું જાય છે; જ્યાં તરૂણ સૂર્યની કાંતિના જેવી રાતી પુષ્પકલિકા, મધુપાનમાં લીન થયેલી ભમરાની પંક્તિની ક્રાંતિ વડે કૌતુકી લોકોએ માન્ય કરેલી ધૂમાડાવાળા અગ્નિની તુલ્યતાને પામે છે; જ્યાં કોકિલપક્ષી આમ્રવૃક્ષની સુંદર મંજરીના સહવાસથી મધુર એવા શબ્દોને બોલી વિયોગી કામિઓના મનમાં વિપત્તિ ઉત્પન્ન કરે છે; જ્યાં કદળીના વૃક્ષો સૂર્યના તાપથી પીડાતા લોકોને પોતાનાપત્રોની શ્રેણીના મિષથી રાખેલા પંખાથી ઉત્તમ સ્ત્રીની પેઠે પવન નાખે છે અને જ્યાં વૃક્ષોના સમૂહને હસાવનારી અને હંમેશાં પોતપોતાના પુષ્પવિલાસથી શોભતી ઋતુઓ સુખેચ્છુ પુરૂષોને અનુપમ સુખ આપે છે. એ પ્રમાણે-હે દેવતાઓ ! જિનેશ્વરની દ્રષ્ટિરૂપ અમૃતથી સિંચન થયેલી, વિકાસ પામેલાં કમળોની શ્રેણીથી શોભતી અને વિવિધ વૃક્ષોની રચનાથી પ્રકાશમાન એવી આ વનની લક્ષ્મી ઘણી સુંદર દેખાય છે. હંસોની પંક્તિઓથી જેમાં માર્ગ પડેલો છે અને વિકસ્વર કમળરૂપી જેનું મુખ છે એવું આ શ્રેષ્ઠ સરોવર પ્રાણીઓના અઢાર

પ્રકારના કોઢ રોગનો નાશ કરે છે. હે વિબુધો ! આ શત્રુંજયની પાસે રહેલું, સ્વર્ગ, મૃત્યુ અને પાતાળના લોકોએ સેવેલું અને પૂર્વ દિશાના મંડનરૂપ આ વન તથા સરોવર કોને આનંદકારક નથી ?

**इत्याचार्यश्रीधनेश्वरसूरिविरचिते महातीर्थश्री शत्रुंजयमाहात्म्ये गिरि-कंडूमुनिभगवत्समवसरणदेशनोद्यानवर्णनो नाम प्रथमः सर्गः ।१।**

❁ ❁ ❁ ❁ ❁

| | | | |
|---|---|---|---|
| ૧ | જીવવિચાર (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૦-૦૦ |
| ૨ | દંડક ★ | પ્રશ્નોત્તરી | ૪-૦૦ |
| ૩ | નવતત્વ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૪ | કર્મગ્રંથ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૫ | કર્મગ્રંથ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૭-૦૦ |
| ૬ | કર્મગ્રંથ-૩ (ત્રીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૬-૦૦ |
| ૭ | કર્મગ્રંથ સત્તાપ્રકરણ ★ | પ્રશ્નોત્તરી | ૧૦-૦૦ |
| ૮ | ઉદય સ્વામિત્વ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૯ | કર્મગ્રંથ-૪ ભાગ-૧ ★ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૦ | કર્મગ્રંથ-૪ ભાગ-૨ ★ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૧ | કર્મગ્રંથ-૫ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૨ | કર્મગ્રંથ-૫ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૧૫-૦૦ |
| ૧૩ | લઘુ સંગ્રહણી ★ | પ્રશ્નોત્તરી | ૬-૦૦ |
| ૧૪ | જીવવિચાર-દંડક-લઘુ સંગ્રહણી (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૧૫ | કર્મગ્રંથ-૫ ભાગ-૩ ★ | પ્રશ્નોત્તરી | ૪૫-૦૦ |
| ૧૬ | કર્મગ્રંથ-૫ ભાગ-૪ ★ | પ્રશ્નોત્તરી | ૧૮-૦૦ |
| ૧૭ | કર્મગ્રંથ-૧ તથા ૨ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૧૮ | કર્મગ્રંથ-૬ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | ૨૧-૦૦ |
| ૧૯ | કર્મગ્રંથ-૬ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | ૪૦-૦૦ |
| ૨૦ | કર્મગ્રંથ-૬ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | ૩૧-૦૦ |
| ૨૧ | કર્મગ્રંથ-૬ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |
| ૨૨ | કર્મગ્રંથ-૬ ભાગ-૫ | પ્રશ્નોત્તરી | ૩૮-૦૦ |
| ૨૩ | કર્મગ્રંથ-૬ ભાગ-૬ | પ્રશ્નોત્તરી | ૩૫-૦૦ |

૨૪ કર્મગ્રંથ-૬ ભાગ ૭ +૮ પ્રશ્નોત્તરી ૨૪-૦૦

૨૫ કર્મગ્રંથ-૪ ભાગ ૧+૨ પ્રશ્નોત્તરી ૭૦-૦૦

૨૬ કર્મગ્રંથ-૫ ભાગ ૩+૪ પ્રશ્નોત્તરી ૬૫-૦૦

૨૭ કર્મગ્રંથ-૫ ભાગ ૧+૨ પ્રશ્નોત્તરી ૭૫-૦૦

૧. જીવવિચાર (બીજી આવૃત્તિ) વિવેચન ૧૬-૦૦

૨. નવતત્વ (બીજી આવૃત્તિ) વિવેચન ૨૦-૦૦

૩. કર્મગ્રંથ-૧ વિવેચન ૧૫-૦૦

૪. ચૌદ ગુણસ્થાનક વિવેચન ૧૬-૦૦

૫. શ્રી જ્ઞાનાચાર★ ૧૬-૦૦

૬. શ્રી જંબૂસ્વામિ ચરિત્ર ★ ૨૧-૦૦

૭. દુર્ધ્યાન સવરૂપ દર્શન (બીજી આવૃત્તિ) ૨૬-૦૦

૮. શ્રી જિનપૂજા ૪-૦૦

૯. શ્રી શત્રુંજય માહાત્મ્ય-સર્ગ-૧ (બીજી આવૃત્તિ)૧૦-૦૦

૧૦. આંતરશત્રુઓ ★ ૧૪-૦૦

૧૧ ધર્મને ભજો આશાતના તજો ★ ૭-૦૦

૧૨ અનુભવવાણી સૂરિરામની ભાગ-૧ ૩૮-૦૦

૧૩ અનુભવવાણી સૂરિરામની ભાગ-૨ ૩૮-૦૦

૧૪ કલિકાળના કોહીનુર (જૈનેતરની દ્રષ્ટિએ)૧૪-૦૦

૧૫ કર્મગ્રંથ-૬ વિવેચન ભાગ-૧ ૪૮-૦૦

૧૬ બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૧ ૫૦-૦૦

૧૭ બાસઠ માર્ગણાને વિષે નામકર્મ સંવેધ વર્ણન ભાગ-૨ ૫૦-૦૦

૧૮ શ્રી અરિહંત પરમાત્માનું સ્વરૂપ ૧૨-૦૦

૧૯ કર્મગ્રંથ-૨ વિવેચન ૨૦-૦૦

૨૦ કર્મગ્રંથ-૩ વિવેચન ૧૮-૦૦

૨૧ કર્મગ્રંથ-૪ વિવેચન ૩૨-૦૦

૨૨ સ્રિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત★ ૩૮-૦૦

૨૩ સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-ઉપદેશામૃત પ્રત-૧ ----

૨૪ સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ પ્રત-૨ ----

૨૫ સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૧ ★ ૪૫-૦૦

૨૬ સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨-પ્રત-૩ ----

૨૭ સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-પુસ્તક-૩ તીર્થયાત્રાનો વાસ્તવિક હેતુ-ભાગ-૨★ ૪૨-૦૦

૨૮ સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૧-પ્રત-૪ ----

૨૯ સૂરિરામની વાણી જ્ઞાન રત્નોની ખાણી-શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૨-પ્રત-૫ ----

૩૦ કર્મગ્રંથ-૧ વિવેચન (નવી આવૃત્તિ) ૫૦-૦૦

૩૧ સૂરિરામની વાણી જ્ઞાનરત્નોની ખાણી શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો ભાગ-૩ પ્રત-૬

૩૨ શ્રી જિનનું દર્શન-વંદન-પૂજન ૩૦-૦૦

૩૩ શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો પ્રત-૭ ----

૩૪ શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો પ્રત-૮ ----

૩૫ શ્રી કલ્પસૂત્રના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૯ ----

૩૬ શ્રી પર્યુષણાષ્ટાન્હિકાના વ્યાખ્યાનો (હિન્દી લીપી) પ્રત-૧૦ ----

૩૭ કર્મગ્રંથ-૫ વિવેચન ૫૫-૦૦

૩૮ જીવવિચાર વિવેચન (નવી આવૃત્તિ) ૪૦-૦૦

૩૯ નવતત્વ વિવેચન (નવી આવૃત્તિ) ૧૫૦-૦૦

૪૦ ચૌદ ગુણસ્થાનક ભાગ-૧ (નવી આવૃત્તિ)૯૦-૦૦

૪૧ ચૌદ ગુણસ્થાનક ભાગ-૨ (નવી આવૃત્તિ)૮૫-૦૦

૪૨ ચૌદ ગુણસ્થાનક ભાગ-૩ (નવી આવૃત્તિ)૯૦-૦૦

૪૩ દંડક વિવેચન ૭૫-૦૦

૪૪. જીવતત્વ-અજીવ તત્વ વિવેચન ૩૫-૦૦

૪૫. નમસ્કાર મહામંત્રનું સ્વરૂપ ૨૦-૦૦

૪૬. જીવવિચાર વિવેચન ૮૦-૦૦

૪૭. શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કારનો પ્રભાવ ૨૦-૦૦

૪૮. પુણ્યતત્વનું સ્વરૂપ ૩૦-૦૦

૪૯. શ્રી અષ્ટપ્રકારી પૂજાનું વર્ણન ૪૦-૦૦

૫૦. છ આવશ્યકના રહસ્યો ૩૦-૦૦

૫૧. ૫૬૩ જીવભેદને વિશે જ્ઞાનદ્વારનું વર્ણન ૨૦-૦૦

૫૨. અઢાર દોષોથી રહિત શ્રી અરિહંત પરમાત્મા૩૫-૦૦

૫૩. આવશ્યક ક્રિયાના સૂત્રોનાં રહસ્યોનું વર્ણન ૩૫-૦૦

**ભરતભાઇ બી.શાહ**

૪૦૧/૪૦૨, સરિતા કોમ્પલેક્ષ, પ્રવિણ એપાર્ટમેન્ટની સામે, સેંટ ઝેવીયર્સ કોલેજ રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.

ફોન નં-૬૫૬૩૪૩૧-૬૫૬૩૪૩૨-૬૫૬૩૪૩૩

:----:

**નૌતમભાઇ આર. વકીલ (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)**

૧૬, ન્યુ આશિષ ફ્લેટસ્, શેફાલી સેન્ટરની સામે, એલીસબ્રીજ,

અમદાવાદ-૩૮૦૦૦૬.

ફોન નં : ૬૫૭૫૮૨૩ મોબાઈલ નં- ૨૧૯૫૨૨૬, ૯૮૨૫૧૫૯૬૧૭.

ઈ મેઈલ - nautam@nautam vakil.Com.

વેબસાઈટ - www.nautam vakil.Com.

:----:

**અશ્વિનભાઇ એસ.શાહ**

C/o નગીનદાસ છગનલાલ ઠે. પાંચકુવા દરવાજા બહાર અમદાવાદ-૩૮૦૦૦૨. ફોન: ૨૧૪૪૧૨૧

:----:

**ચંદ્રેશભાઇ રસીકલાલ દોશી**

૫/૧૨, દામુભાઇ કોલોની, જવાહરનગર, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૦૭. ફોન: ૬૬૩૨૯૬૦

:----:

**હિંમતભાઇ બી. શાહ**

૨, ચેતન સોસાયટી, અકોટા રોડ, વડોદરા-૩૯૦૦૨૦.

ફોન: ૩૧૦૩૪૩, ૩૨૨૮૬૨

:----:

**ડૉ હસમુખભાઇ આર. શાહ**

બી-૭, વિનીત, મજીઠીયાનગર, એસ.વી.રોડ, કાંદીવલી (વેસ્ટ),

મુંબઈ નં-૪૦૦૦૬૭.

ફોન નં-૮૦૭૩૦૪૬, ૮૦૫૨૩૭૫, ૮૬૨૨૪૬૭

:----:

**પન્નાબેન ચંદ્રકાંતભાઇ કાપડીયા**

**C/O** ચંદ્રકાંતભાઈ કાપડીયા ૩, દામજી ખેરાજ બીલ્ડીંગ, ૩જે માળે,

રૂમ નં-૧૦, આર. આર.ટી રોડ, મુલુંડ (વેસ્ટ)

મુંબઈ નં-૪૦૦૦૮૦. ફોન નં-ઘર-૫૬૯૪૭૬૬, ૫૬૧૩૬૭૪.

ફોન-ઑફિસ-૫૬૯૪૭૬૫, ૫૬૮૬૭૮૧

:----:

**મહેશભાઇ ભુરાલાલ પરીખ**

૩૦૩, શ્રી સાંઇછાયા એપાર્ટમેન્ટ, બાવન જિનાલયની પાછળ, ૬૦ ફુટ રોડ, ભાયંદર (વેસ્ટ)-૪૦૧૧૦૧. ડી-થાણા.

ફોન નં-૮૧૯૩૦૬૨

:----:

**આશીતભાઇ વી. ચોક્સી**
૧/૨૦૬, રામનગર-પાટકર કોલેજ સામે, એસ.વી.રોડ, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઇ નં-૪૦૦૦૬૨.
ફોન નં-૮૭૨૩૪૭૨ મોબાઇલ નં-૯૮૨૧૧-૧૭૬૪૯